એ કોષનો ઇંગ્રેજી તરજુમો પેહેલવેહેલાં એરવદ ફરામજી મીનોચેહેરજી દસ્તુર જામાસ્પ આસાના, બી. એ. એ કરવા માંડયો હતો; પણ ત્યાર પછી થોડી મુદતમાં એ ભાઇની તબિઅત નાદરૂસ્ત ચાલવાથી એવણથી એ કામ નહીં બની આવવાને લીધે હમોને ના કહેવાથી, એ કામ એરવદ કાવસજી એદલજી કાંગા, તે મુલ્લાં ફીરોઝ મદરેસાના વડા શિક્ષક તથા તમામ વંદીદાદનો અસલ અવસ્તા ઉપરથી ફરહંગ સાથનો તરજુમો કરનાર પાસે કરાવીએ છીએ, એ ભાઇએ એ કામ દીલસોજી રાખી કરેછે તેથી તથા બીજી કીમતી મદદ કરેછે તેથી, હમો એવણનો ઉપકાર માનીએ છીએ.

આપણા માનવંતા અકાબર સાહેબ શેઠ દીનશાજી માણેકજી પીટીટે આ ગ્રંથના સંબંધમાં મન, તન, અને ધનથી જે મ્હોટી ઉલટ અને દીલસોજી બતલાવી છે, તેથી આ જોગવાઇએ હમો તેવણ સાહેબનો મ્હોટાં માન સાથે આભાર માનીએ છીએ.

મુંબાઇની નામદાર સરકાર તથા "દાયરેકતર આવ પબ્લીક ઇન્સ્ટ્રકશન" તરફથી, પુરાની પેહેલવી ભાષાને લગતા એલમનો વધારો કરવાની ભલી

ઉલટ અને સારી દીલસોજીથી, હમોને કીમતી મદદ અને આશ્રા મળ્યો છે, તે માટે હમો તેઓનો મ્હોટાં માન સહીત ઉપકાર માનીએ છીએ.

જે ગૃહસ્થોએ આએ ગ્રંથની નકલો ખરીદીને હમોને મદદ આપી છે, તે માટે હમો તેમનો આ જોગવાઇએ આભાર માનીએ છીએ.

હમારા પંડીત મિત્ર મરહુમ દાકતર જૉન વિલસને આ કોષના સંબંધમાં ઘણી સારી દીલસોજી બતલાવી હતી; અને એ ગ્રંથ બાબદમાં હમોએ એક ચીઠી સાથે હમારા આ કોષનો નમુનો મોકલી, એ કાબેલ ગૃહસ્થનું મત માગ્યું હતું, તે, મ્હોટી ખુશી અને ઉલટ સાથે તપાસી, કેટલીક સૂચના સાથે પોતાનું કીમતી મત હમો ઉપર લખી મોકલીને હમોને ઉપકારી કર્યા છે, તેથી આ જોગવાઇએ ખોલ્લી રીતે તે મરનાર વિદ્વાનનો હમો આભાર માનીએ છીએ. આ ભલો પરોપકારી ગૃહસ્થ આ હમારો ગ્રંથ જલદીથી બાહેર નીકળેલો જોવાને, બનતી મદદ કરવા તથા કરાવવાને ઘણો ઉમેદવાર હતો, પણ હમારા કમનસીબને લીધે તે ઉતાવળે ગુજરી ગયાથી હમો નિશ્ચય દલગીર છીએ.

લંડનવાળા હમારા કાબેલ મિત્ર દાકતર ઈ. ડબલ્યુ. વેસ્ત, પોતે બનાવવા માંડેલા પેહેલવી કોષનાં આસરે છ હજાર બોલોનો મ્હોટો જથો (જે માંનો મોહોટો ભાગ અર્થ વગરનો છે) પોતાની ખુશીથી હમારા ઉપયોગને માટે આપ્યો છે તેથી, તથા હમારા ગ્રંથ બાબદમાં ઘણી સારી સૂચનાઓ કરીને હમોને મદદ કરી છે તેથી, તથા મજકુર ગ્રંથનો નમુનો તપાસીને પોતાનું કીમતી મત આપ્યું છે તેથી, હમો એ વિદ્વાનના મ્હોટા આભારી થયા છીએ.

જર્મનીવાળો હમારો કાબેલ મિત્ર દાકતર એફ. સી. એન્દ્રીયાસ જ્યારે મુંબાઈ આવ્યો હતો ત્યારે આ ગ્રંથ બાબદમાં હમોને કેટલીક ભલી સૂચનાઓ કરી હતી તેથી તથા હમોએ મોકલેલો નમુનો તપાસીને એ ગ્રંથ વિશે જે કીમતી મત આપ્યું છે, તેથી હમો તે ગૃહસ્થનો મ્હોટો આભાર માનીએ છીએ.

હમારા કાબેલ મિત્ર, અને આપણા જાણીતા શાહેરી તથા ઓરીએન્ટલ સ્કૉલર શેઠ ધનજીભાઈ ફરામજી પટેલે પોતાના કીમતી પુસ્તકખાનાં મધે-

થી આ હમારા કોષને માટે હમોને કેટલીક કીમતી કેતાબોની મદદ આપી છે, તેથી એ કાબેલ શેઠનો હમો મ્હોટો આભાર માનીએ છીએ.

હમારા કાબેલ મિત્રો તથા ઓરીએન્ટલ સ્કૉલરો દસ્તુર હોસંગજી જામાસ્પજી જામાસ્પ આસાના તથા શેઠ ખુરશેદજી રૂસ્તમજી કામાજીએ આ કોષ બાબદમાં કેટલીક સારી સલાહ આપી છે. તેથી એ કાબેલ ગૃહસ્થોનો આ જોગવાઇએ હમો આભાર માનીએ છીએ.

ઇરાનવાળા શેઠ માણેકજી લીમજીભાઈ હાતર્યાં પોતાના કીમતી કેતાબખાનામાંથી જે જુની કેતાબો હમારા ઉપયોગને સારૂ મોકલી છે, તથા નવી કેતાબો ગ્યા છે તેની દીલસોજી રાખી તસદી લીએ છે, તે માટે હમો અતરે એઓને માટે ઉપકાર માનીએ છીએ.

આવી જાતનો શબ્દકોષ રચવાનાં કામની કોશેશ પેહેલ વેહેલીજ હોવાથી એમાં ઘણી ભુલો રહી જવી જોઇયે, માટે હમારા વાંચકોએ તે માટે દરગુજર કરવી. અને હમો તેમને એલતેમાસ કરીએ છીએ કે, એ ભુલોથી હમોને વાકેફ કરી ઉપકાર કરવો, કે જેથી એ ગ્રંથની બિજી આવૃત્તિઓમાં તે ભુલો સુધારવાને હમોથી બની આવે.

જામાસ્પજી દસ્તુર મીનોચેહેરજી.

૭૭, નાનાભાઈ બમનજી સ્ત્રીટ, કોટ,

મુંબઈ, મારચ ૧૮૭૭.

દીબાચો.

પેહેલવી ભાષા ઈરાનને લગતી બીજી ભાષાઓમાંની એક સર્વેથી જુની અને બીકટ ભાષા છે. અસલ એ ભાષાની રચના, અવસ્તા તથા સંસ્કૃત, ઈત્યાદિ, ભાષાનાં તત્વો મળીને થયલી છે, પણ ઘણીક વેળા ઈરાનમાં પારકા દેશનાં લોકો, જુદે જુદે વખતે, ઘણું સુધી રાજ્ય કરી ગયાનાં સબબોને લીધે એ ભાષામાં કેટલાંક "સેમેટીક" તત્વો પણ દાખલ થયાં છે; તેથી એ ભાષાનો પુખ્ત રીતે અભ્યાસ કરનારાઓને, અવસ્તા, સંસ્કૃત, પાજંદ, ફારસી, અરબી અને થોડી ઘણી "સેમેટીક" ને લગતી ભાષાઓનીબી માહેતગારી મેળવવી જોઈયે છે; કારણ કે ઉપલી ભાષાઓનો અભ્યાસ કરવાથી, એ ભાષા શિખનારાઓને વાંચણમાં તેમજ સમજવામાં ઘણી સહેલાઈ થાયછે.

એ ભાષાનાં અક્ષરોની ઉત્પત્તિ અવસ્તા અક્ષરો ઉપરથી થયલી છે; તેમાં કેટલાક અક્ષરો અસલ રૂપમાં વપરાયલા છે અને કેટલાક ટુંકા રૂપમાં વપરાયલા છે; એ ટુંકા રૂપને લીધે તથા એક અક્ષર વધારે રીતે વંચાઈ શકવાને લીધે, જેમ અવસ્તા સહેલી રીતે વંચાઈ શકાય છે તેમ, પેહેલવી ભાષા સહેલી રીતે વંચાઈ શકાતી નથી; જોકે એ ભાષાનો શિખનાર વિદ્યાર્થી ગમે તેવોબી પ્રવિણ હોય તોપણ, કેટલાક શબ્દોનો થોડો ઘણો વિચાર કર્યા વિના, તુરત ઉકલાવી શકે એમ નથી.

પેહેલવી ભાષા વ્યાકરણની બાંધણીમાં, અવસ્તા તથા સંસ્કૃતથી ઉતરતો, તથા બીજી સઘળી ભાષાઓથી ચઢતો દરજ્જો ધરાવે છે; કારણ કે તેમાં રૂપાખ્યાપન અર્થ પ્રત્યય, ઉપસર્ગ, અવ્યયો, અને શબ્દોનાં બિજા વર્ગો બીજી ભાષાઓ કરતાં વધારે છે, એ ભાષામાં જે જે વ્યાકરણરૂપી જોડણીઓ છે, તે ઘણી ખરી સઘળી અવસ્તા તથા કદીમ ફારશી લેખોની સાથે મળતી આવેછે.

ઘણી મુદત થઈ એ ભાષા હદિશાઓને લીધે, તથા તેને શિખનારાઓની

કાચી સમજને લીધે, તથા તેનાં લખાણો વગર સંભાળે કરવાને લીધે, તથા એનો વપરાસ કમ થવાને લીધે પડતી હાલતમાં આવતી ગઈ છે; અને ઉપલા સબબોને લીધે, એ ભાષા જાણે કે આગલા જમાનામાં હસ્તીજ પામેલી ન હોય, એમ કેટલાકો શકમંદ થયા છે.

હવે પેહેલવી ભાષા વિશેનું બીજું બયાંન કરવાની આગમજ આગલા મરહુમ દસ્તુર સાહેબોની આપણાં ધર્મને લગતી ભાષાઓ બાબેની મેહેનત વિશે, જો હમો આ જોગવાઈએ તેઓનાં ઉપકાર વિશે કાંઇ ન બોલીયે તો, તે ઘણું અપ્રમાણીક કહેવાય. આટલું તો આપણને માન સાથ કબુલ કરવું જોઇયે કે, આગલા કાબેલ દસતુરો, જો અવસ્તા, પેહેલવી અને પાજંદ જબાનની કેતાબોનાં, સંસ્કૃત તથા ફારશી અને ગુજરાતી ભાષામાં તરજુમાં-ઓ ન કરી ગયા હતે, અને આપણાં દસ્તુરો મધેથી કોઇ પણ દસ્તુરે યુરોપ-ખંડનાં કોઇ પણ કાબેલ વિદ્વાનને એ ભાષાઓનો અભ્યાસ ન કરાવ્યો હતે તો, એ ત્રણે ભાષાઓમાંની એકુ ભાષા તુટી ભાગી પણ આજ હસ્તીમાં રેહેતે નહીં, એ ચોકસ સમજવું. આજ યુરોપખંડનાં વિદ્વાનો એ ભાષાઓ સમજવામાં મ્હોટી ફતેહ પામ્યાની ખુબી પણ દસ્તુર સાહેબોનાં તરજુમાં-ઓની છે; અને કેટલાક યુરોપીયનોને શિખવ્યાની છે.

આટલું તો આપણને માન સાથે કબુલ કરવું જોઇયે છે કે, યુરોપખંડનાં કેટલાંક રાજ્યોની મેહેરબાંની અને મદદથી અને ત્યાંનાં ઉજમારા અને નામીચા વિદ્વાનોની અથાગ મેહેનત અને કોશેશથી અવસ્તા તેમજ પેહે-લવી, પાજંદ ભાષાના એલમની રગોને ગોયા નવું લોહી મળવાથી, એ ભાષાઓને નવી હસ્તી મળી હોય તેવી રીતિ, એ એલમ અને એને લગતી ભાષાઓ આજ પૃથ્વીનાં મોટા ભાગ ઉપર માન સાથે ફેલાવો પામી છે. અવસ્તાનું વ્યાકરણ અને કોષ, પેહેલવી વ્યાકરણ, અને ન્હાનાં ન્હાનાં બે ત્રણ કોષો, તથા ઘણાંખરા અવસ્તાઓનાં તરજુમાઓ, તથા કેટલીક પેહેલવી કેતાબોનાં તરજુમાઓ અને કેટલાંક અવસ્તાની ફીલસુફી ઉપર ઉમદા વિચારો સાથે રચાયલાં પુસ્તકો અને અવસ્તા, પેહેલવી, પાજંદભાષાનાં પુરાતમપણા વિશે રચાયલાં પુસ્તકો, ઇત્યાદિ; તથા ઇરાનને લગતા પહાડો અને ઓહોમાં કોતરાયલા ખીલારોકા તથા પેહેલવી ઇત્યાદિ

લેખોનાં છપાવલાં પુસ્તકો, અને તે સાથે તે ખોહો તથા પહાડોમાંથી ચિતારેલાં નકશાનાં ચિતાર લીધેલાં પુસ્તકો, યુરોપનાં રાજ્યનાં તથા ત્યાંનાં વિદ્વાનોનાં સહાસિક કામો આપણને દેખાડી આપે છે; અને એ કામોએ આપણને મોટી અચરતીમાં નાંખ્યા છે, અને આપણને ખરેખર તેઓનાં હેસાનમાં દટાવલા કર્યા છે. આ હિંદમાં આજ એ ભાષાઓનો અભ્યાસ ચાલુ થવાની ઉલટનું મુખ્ય કારણ, તે યુરોપખંડનાં વિદ્વાનોની ઉસ્તાદી છે. આગલા વખતમાં જો કોઇ ઊલટ કરી, ઉપલી ભાષાઓ શિખવાની હોંશ કરતો તો, પેહેલાં, તેને અસલ પુસ્તકો મળવાં મુશકેલ પડતાં; અને જો, કોઈ મેહેરબાંની કરી આપતું તો, તે લખતાં મેહેનત પડતી, અને જો લખાવવી પડતી તો, ખરચની જોગવાઈ ન બનવાને લીધે અટકવું પડતું હતું; પણ તે વિશેનું સઘળું સુખ યુરોપખંડનાં કેટલાંક નામાંકીત રાજ્યો, તથા ત્યાંનાં નામાંકીત વિદ્વાનોની કોશેશથી ચોપડીઓ છપાઇ બાહેર પડવાથી થયું છે: અને બિજું મોટું સુખ શિખનારાઓને માટે યુરોપખંડની દોલતથીએ થયું છે કે, તેને લગતાં સાધનો, જેહેવાં કે, વ્યાકરણો, કોષો, તરજુમાઓ, નોટો, રસાળાઓ વગેરે સેહેલી અને સુધરેલી રીતે શિખવાને, થોડે પૈસે ખરચવે મનમાનતી રીતે મળી આવે છે, આજ એ બાબેની અતરે મદરેસાઓ નીકળી છે, અને તે મનમાનતી રીતે ચાલે છે, અને શિખનારાઓ શુભ ફલ મેળવે છે, તેનું મુખ્ય માન યુરોપને ઘટે છે. આપણાં આગલા ન્યાગાંનોની કેટલીક નવી તવારીખો, લેખો, અને તેઓનાં દબદબા અને મરતબાનાં બયાંનો, અને જરથુસતી ધર્મની ખુબી, ફીલસુફી અને મ્હોટાઈ વિશેનાં બયાંનો આજ પૃથ્વીનાં મોટા ભાગો ઉપર વંચાય છે, અને આપણ લોકો આજે વધારે આશકારા થયા છૈયે, તેનું મોટું માન પણ યુરોપખંડને ઘટે છે. આગલ કરતાંને આજ આપણ જુવાન લોકોમાંથી આપણાં પવિત્ર ધર્મવિશે જે શક દુર થયો છે, તેનું મુખ્ય માન પણ યુરોપખંડને ઘટે છે. જો યુરોપનાં કેટલાંક રાજ્યોએ તથા યુરોપનાં વિદ્વાન ઉસ્તાદોએ અવસ્તા, પેહેલવી, અને પાજંદ ભાષા તથા વિદ્યા વિશે, તથા એ વિદ્યાની ખુબીઓ વિશે, તથા એને લગતાં સાધનો વિશે, તથા એ વિદ્યાને લગતાં કોતરકામો વિશે, તથા નકશાઓ વિશે મોટા જર ન ખરચ્યો

હતે, અને અથાગ મેહેનત ન કરી હતે તો, હમો ખચીત કરી કહીયે છૈયે કે, આજ આપણુ, ધર્મ તથા આપણુને લગતી ભાષાઓ, વિદ્યા તથા માન વિશે જે હાલતમાં છૈયે, તે હાલતમાં કદી આવતે નહીં. જે કામોની મેહેનત, અને જે જરનો ખરચ આપણુને પોતાને કરવો જોઇયે છે, તે કામો અને તે ખરચો દીલગુરદા ભરેલી રીતિ, અને સારા મનથી, પારકી કોમનાં તથા પરાયા દેશનાં પુરો કરે, એ કાંઇ તે લોકોનો આપણાં ઉપર થોડો આભાર થાય છે? જો કે તે વિદ્યાનાં શોખીલો, પોતાનાં એલમ તથા ગ્નાનનો વધારો કરવા માટે, તથા પોતાને ફાયદા થવાની શોધને માટે, તથા ખરૂં ખોટું શોધવા માટે, તેઓ જર ખરચી મેહેનત કરેછે; પણ તેમાં તેઓ કરતાંને આઇતો મોટો લાભ તો આપણુને તથા આપણાં પવિત્ર ધર્મને લગતી વિદ્યાઓને થાયછે. માટે, આપણી કોમને લાયક છે કે, એ બાબતમાં જર ખરચનારાં રાજ્યોનો, તથા અથાગ મેહેનત કરનારા વિદ્વાન ઉસ્તાદોનો, જાહેર રીતે ઉપકાર માનવો જોઇયે છે.

પેહેલવી ભાષાની ઉત્પત્તિ અને તેના જમાનાં વિશે યુરોપનાં વિદ્વાનો પોતાનાં મતો, એક રીતે આપતા નથી, પણ એકેકથી જુદી જુદી રીતે આપે છે. એ મત આપનારાઓમાં કેટલાક ઉગમણુ પ્રાંતની ભાષા જાણુનારા વિદ્વાનો પેહેલવી ભાષાની ઉત્પત્તિનાં જમાના વિશે જણાવેછે કે, એ ભાષા "આસીરીયન" ટોલાના પાદશાહોનાં વખતમાં "સીરીઆક" ભાષા ઉપરથી ઉત્પન્ન થઇ છે! અને કેટલાકો એને "પારથ્યન" અથવા "ખાલદી" ભાષાને નામેજ ઓળખે છે! અને કેટલાકો તો એનાં જમાના વિશે એવો આરોપ મુકે છે કે, પારશીઓએ હિંદુસ્તાનમાં આવીને, એ પેહેલવી ભાષા, અરબી અને ફારશી ભાષાઓ ઉપરથી ઉત્પન્ન કરી છે. એ છેલ્લા, વગર સહમજે, આરોપ મુકનારાઓનાં જવાબો પુખ્ત રીતે યુરોપનાં વિદ્વાનોમાં અને આપણુ જરથુસતીઓમાં વધારે જાણીતા ગૃહસ્થો તથા ઓરીએનટેલિસ્ટો, જેવા કે શેઠ ધનજીભાઇ ફરામજી પટેલ અને દસ્તુરજી સાહેબ હોસંગજી જામાસ્પજી દસ્તુર જામાસ્પ આસાનાં એઓએ આપ્યા છે. ઇ૦ સ૦ ૧૮૬૧ માં શેઠ ધનજીભાઇ ફરામજી પટેલ "એરીઅન ભાષાનું મુળ, તથા અસલપણું" (The origin and authenticity of the

Arian family of languages) એવે નામની ચોપડીનાં દીબાચામાં લખે છે કે, "પેહેલવી ભાષા પારસીઓએ હિંદુસ્તાનમાં આવીને અરબી ઉપરથી કે કોઇબી ભાષા ઉપરથી બનાવી નથી, પણ એ અસલ જમાનામાં, ઇરાનનાં મુલકોમાંજ બનેલી છે; અને પેહેલવી ભાષા "સીરીઆક" ઉપરથી નહીં પણ "એરીયન" ભાષા ઉપરથી થયલી છે" એવી રીતિ માઅકુલ દાખલાઓ સાથે આપ્યા છે, ઇ૦ સ૦ ૧૮૬૭ માં દસ્તુર હોશંગજી જામાસ્પજી દસ્તુર જામાસ્પ આસાજીનાંએ, "એક જુની જંદ પેહેલવી શબ્દકોષ" (An old Zand Pehlvi Glossary) એવે નામની ચોપડીનાં દીબાચામાં લખેછે કે, પેહેલવી ભાષા પારશીઓએ હિંદુસ્તાનમાં આવીને ઉભી નથી કીધી, પણં એ "આસીરીઅન" ટોલાની પાદશાહીનાં વખતમાં થયલી છે, એવી રીતની દલીલો સાથે આપ્યો છે એ કાબેલ દસ્તુરજીનાં મતને મરહુમ વિદ્વાન દાકટર મારટીન હૉગે એજ ચોપડીમાં આવેલાં, પેહેલવી ભાષાનાં પોતાનાં નીબંધમાં સ્વીકાર્યું છે.

હવે, હમો જણાવિએ છીયે કે, જે કાબેલ વિદ્વાનો પેહેલવી વિશે લખે છે કે એ ભાષાની ઉત્પત્તિ "પાર્થીન" અને "ખાલદી" ભાષા ઉપરથી થઇ છે; એવું જે મત તેઓ જણાવે છે તે, પેહેલવી ભાષામાં કેટલાક શબ્દો તેઓની ભાષાને મલતા આવેછે તે ઉપરથી જણાવતા હશે; પણ તે ગૃહસ્થોને આટલું તો અંજાણવું નહીંજ હોવું જોઇયે કે, "પાર્થીનો" અને ખાલદીઓ જુનાં વખતનાં ઇરાંનીઓનાં વંશ છે, અને તેઓ છુટા પડ્યા પછી પણ, જુનાં ઇરાનીઓનીજ ભાષા બોલતા હોય તેમાં કાંઇબી અજાયબ થવા જોગ નથી, કારણ કે જાતે પેહેલવી ભાષાજ ઘણી પુરાંણી છે; અને તે લગભગ "પેશદાદયાન" પાદશાહઓનાં વખતની છે; (તે આગલ ચાલતાં વાંચકોનાં વાંચવામાં આવશે) તેથી કાંઇ એમ નહીં કરવું જોઇયે કે, પેહેલવી ભાષા "પાર્થીનો" અને "ખાલદીઓ" ઉપરથી આગલા ઇરાનીઓએ ચોરી લીધી હોય; પણ તેથી તો ઓલ્લું દીશે છે કે, "પાર્થીનો" અને "ખાલદીઓ" પોતે એ પુરાતમ ભાષાનાં આભારી છે. અને જે વિદ્વાનો "આસીરીયન" વંશોનાં વખતમાં પેહેલવી ભાષા બનવા વિશે પોતાનું મત જણાવે છે, તેવું મત જણાવનારા ગૃહસ્થોને હમો નમનતાઈ સાથે જણાવિએ છીયેકે, એ પુરાતમ

પેહેલવી ભાષા "કયાંન્યાન" વંશની પાદશાહાતનાં વખતમાં ખુદ બોલાતી ભાષા હતી; તેનો દાખલો જોવો હોએ તો, અસલ પેહેલવી "દીનકર્દ" કેતાબ, પાદશાહ ગુશતાસ્પનાં વખતમાં, તે નેક બખતશાહે પોતે પેગમબર સાહેબ જરથુસ્તનાં શાગેરદો પાસે અવસ્તાનાં દફતરો ઉપરથી પેહેલવી ભાષામાં લખાવી હતી; એવું એ નામીચાં પુસ્તકનાં ત્રિજાં દફતર મધે બોલ્લું જણાવ્યું છે આ ઉપરથી જણાશે કે, જે ગૃહસ્થો પેહેલવી ભાષાના જમાનાં તથા તેની બનાવટ વિશે લખે છે કે, તે "આસીરીયન" પાદશાહનાં વખતમાં "સીરીઆક" ભાષા ઉપરથી બનેલી છે, અને "પાર્થેન" પાદશાહાતનાં વખતમાં "ખાલદી" ભાષા ઉપરથી બની છે, તે પણ વગર આધારનું છે.

કેટલાક વિદ્યાશાસ્ત્રીઓ, પથ્થરની તખ્તીઓ તથા શીક્કા ઉપરનાં પેહેલવી લેખો કેતાબી પેહેલવી લખાંણો સાથે સરખાવી, પોતાનો એવો બી વિચાર આપેછે કે, પથ્થર અને શીક્કા ઉપરની પેહેલવી અને ચોપડીઓમાં લખાયલી પેહેલવી, એક બીજાથી ઘણી જુદી જણાએ છે; તેથી એવું જણાય છે કે-પુસ્તકોમાં લખાયલી પેહેલવી ભાષા ફારશી ભાષા ઉપરથી નીકલી છે. હમારે જણાવવું જોઇએ છે કે, એમ બોલવામાં પણ તે ગૃહસ્થોએ ભુલ કરી છે, કારણ કે, જે વખતમાં તખ્તીનાં લેખો કોતરાયા છે, તેનાંજ બલકે તેથીબી આગમજનાં વખતમાં કેટલીક પેહેલવી કેતાબો બનેલી હાલે મોજુદ છે; જેવી કે, "દીનકર્દ," નેરંગસ્તાન (અવસ્તાની શાહાદતો સાથની), "બુન્દેહેશને," "મીનોખેરદ," પેહેલવી "શાહાનામું" પેહેલવી "વીરાફનામું," "શાયેસ્તલાશાયેસ્ત" અને "શેકન ગુમાની વજાર" વગેરે; તથા પેહેલવી "વંદીદાદ," "યજશને," "વીસ્પરદ," ખુરદેહ અવસ્તા," અને "અવસ્તા પેહેલવી કોષ" જે "જંદ પેહેલવી ગલાસરી" ને નામે બોલખાય છે તેની પેહેલવી; તથા આશીરવાદ," "આફરીનો" અને કેટલીક "નેરંગો" પેહેલવી ભાષામાં બનેલી છે. પેહેલવી તખ્તીનાં હરફો અને કેતાબી હરફોની વલાંણ અને કાંઇક ભાષા, જો કે, કેટલીક રીતે જુદી છે, તેથી કાંઇ એમ નહીં ઠરતું કે; કેતાબી પેહેલવી ફારશી ભાષા ઉપરથી નીકલી હોએ, પણ હમારૂં આધીન મત તો એ છે કે, ફારશી ભાષા પેહેલવી ભાષાની આભારી છે. આગલા જમાનામાં આટલું તો ચોકસ હતું કે, દરબારી ભાષા અને આમી

ભાષામાં ઘણોક ફેર હતો; જેમ કે, "વેદશાસ્ત્ર"ની સંસ્કૃત ભાષા અને હિંદુઓમાં ચાલુ વપરાતી સાધારણ સંસ્કૃત ભાષા છે તેમ. હમો ધારીએ છીએ કે, એવી રીતના વિચાર આપનારા ગૃહસ્થોએ કોઇ અપૂર્ણ પેહેલવી ચોપડીઓ વાંચી વિચાર આપ્યો હશે, કારણ કે, જો પેહેલવી "દીનકર્દ," "નેરંગસ્તાન," "બુન્દેહેશને;" અને પેહેલવી "શાહાનામું," અને પેહેલવી "વીરાફનામું" ઇત્યાદિ ચોપડીઓ વાંચી હતે, અને વળી તે સાથે એક ભાષાનું પુરાતનપણું તપાસવાની જેવી રીતી છે તેવી રીતે વ્યાકરણને કાયદે એ ભાષાને બીજી એરીઅન ભાષાઓ સાથ સરખાવી હતે, તો હમો ધારીએ છીએ કે તેઓ એવો બેઢંગો વિચાર ક્વચિત પણ આપતે નહીં. કેટલાકો કેહે છે કે, પેહેલવી લેખો અને જંદ અવસ્તાનો પેહેલવી તરજુમો એક બિજાથી જુદો પડેછે, તે હમો કબુલ કરીએ છીએ કે, વ્યાકરણ સંબંધી કેટલાક દાખલાઓમાં "એ બન્ને જુદી પડેછે, પણ જો એ બેહુ ભાષાનાં બોલો સરખાવવામાં આવશે તો, તે ઉપરથી જણાશે, કે પેહેલવી તખતીઓમાં "હજવારેશ" મુળ ધાતુઓ તેઓને મળી આવશે, આએજ એ ભાષાનું પુરાતનપણું તુરત દેખાડી આપે છે; તેટલા માટે હમુને મત બાંધવું જોઇયેછ કે, કેતાબી પેહેલવી ધર્મશાસ્ત્રને લગતી અને તખ્તીની પેહેલવી શેહેરનાં રાજ્ય કારોબારને લગતી ભાષા હોવી જોઇયે.

વળી, કેટલાક ગૃહસ્થો કેહેછે કે, અવસ્તા તથા પેહેલવી ભાષા પારશીઓનાં દસ્તુરોએ હીંદુસ્તાનમાં આવ્યા પછી, અવસ્તા સંસ્કૃત ઉપરથી અને પેહેલવી અરબી અને ફારશી ભાષાઓ ઉપરથી બનાવટ કીધી છે. એવું કેહેનારાઓ અગર જાણી જોઇ એ ભાષાઓને હલકી પાડી, આપણાં ધર્મની તાસુબી રાખી પોતાનાં ધર્મની ભાષાને ચઢતી જણાવવા માગતા હોએ, અને પેહેલવી કરતાંને પોતાની સેમેટીક ભાષાને ચઢાવવાને માટે તાસુબીથી એવું લખાંણ કર્યું હોય, યા તો તે લોકો પેહેલવી લેખોનાં કોતરકામથી બીલકુલ અનજાંણાં હોએ. હમો ધારીયે છીએ કે, એમ તો કદી બનવુંજ ન જોઇયે, કારણ કે, જે લોકો એવો વિચાર જણાવે છે તેઓ, ઉગમણ પ્રાંતની વિદ્યામાં પ્રવિણ અને સોખીલ ગૃહસ્થો છે. એવા કાબેલ ગૃહસ્થો થઇને એવો કઢંગો વિચાર આપે એ ઘણું અચરત થવા જોગ છે! આજે, પાહાડો ઉપર

અને ઓહોની અંદર, જે લેખો કોતરાએલા મુસાફરોને માલુમ પડેછે; અને સાસાન્યાંન વખતનાં શિક્કાઓ, ઝવેરો ઇત્યાદિ ઉપરની પેહેલવી આપણને દેખાડી આપેછે કે, તે ભાષા લોકોનાં વપરાસમાં આવતી હતી, અને વળી ઉગમણુ પ્રાંતની ભાષાનો શાસ્ત્રી સર રૉલીસન કેહે છે કે, "જરથોસ્તી મજહબનાં લોકો હિન્દુસ્તાનમાં પેહેલે આવ્યા, તેની આગમજનાં જે ત્રાંબાનાં સસનમો (વાસણો) તેઓ પોતાની સાથે લાવ્યા હતા, એ સસનમ (વાસણ) ઉપરનાં પેહેલવી અક્ષરોનાં નમુનાં હાલે મોજુદ છે. મજકુર નામાંકીત ગૃહસ્થ એ બાબે નીચે પ્રમાણે પોતાનું મજબુત એકીન જણાવે છે. "શાહાપુર તરફ આવેલી તખ્તી ઉપરનાં પાદશાહનાં ઘોડાની છાતી ઉપર જે ટુંક "કથા લખેલી છે, તે જેઆરે પેહેલવી વપરાતી હાલતમાં હતી, તે વખતે "કોતરેલી માલુમ પડે છે, અને માહારી પાસે કેટલાંક રતનો છે, તે ઉપરનાં "છાપો હાલનાં તેમજ જુનાં હરફો વચે જે સંબંધ છે તે વધારે સેહે- "લાઈથી દેખાડી આપે છે. ત્રાંબાંનાં સસનમ (વાસણ) જે મલબારના "સીરીઅન ખ્રીસ્તીઓનાં હાથમાં છે તેનાં ઉપર આવેલાં પારસી શાહેદોનાં "નામોમાં પેહેલવી હરફોનો એક મનોરંજક નમુનો આપણી પાસે છે. આ- "એ (સસનમ) જરથોસતી મજહબનાં લોકો જેઆરે આરબ લશકર "યુફ્રેતીસ નદીનાં મુખ ઉપર આવેલાં અબીલા શેહેર ઉપર આવી પોહોંચીઉં "ત્યારે ત્યાંથી નાહાસી હિંદુસ્તાનમાં ગુજરાતનાં કોસ્તા ઉપર આવેલા સીંદાન "(સનજાણ) નામના શેહેરમાં વાસો લીધો તે વખતે લાવવામાં આવ્યું હતું. "આએ સીંદાન (સનજાણ) શેહેર અરબ લોકોની ભુગોલમાં સારીકાંણી "જણાએલું છે, જે વિશે "હમજહએએસફહાંની "એ જો પાધરી "નીશાંની નહીં આપી હતે તો, આપણને હાલ જમાનાનાં નકશાઓમાં "સેંતજૉનમાં ઓલખી કાઢવાને કંઇ એક મુશકેલી પડતે.

અવસ્તાભાષાનાં પુરાતમપણાં માટે ખીલારોકી તખ્તીઓ આજે પેહેલવાંની દરજજા ઉપર ઉભી રહીને, આપણને શાહાદત આપેછે અને પેહેલવી ભાષાનાં પુરાતમપણાંને માટે, પેહેલવી તખ્તીઓ, શિક્કાઓ, ઝવેરાતો, સીલો અને સસનમ યાને વાસણો બરપાઇ પણે શાહાદત આપેછે; પેહેલવી ભાષા વિશે એખલી તખ્તીઓ, શિક્કાઓ, ઝવેરાતો, સીલો અને સસનમજ શાહેદી

આપેછે એટલુંજ નહીં; પણ ઘણીક જુની પુરાંણી વખત ઉપર બનેલી ઉપર જણાવ્યા મુજબની ચોપડીઓ હાલે હયાત છે; તથા સર સી. એચ. રૉલીસન પોતાની મુસાફરીનાં ગ્રંથમાં હાલે બોલાતી પેહેલવી વિશે કબુલ કરેછે કે, "દીઝમાર" નાં ગામડામાં અને "ગુરાતાસ્ફી" નામનાં મોલકમાં લોકો પેહેલવી ભાષા બોલેછે હાલનાં ઇરાંણીઓ પોતે કેહેછે. કે, "સારીસ્તાંન" અને "ખુરદીસ્તાન" માં એ પેહેલવી ભાષા હજુર સુધી બોલાએછે. આ ઉપલા મઆકુલ ખોલાસાથી વાચકોને જણાશે કે, જે વિદ્વાન ગૃહસ્થો અવસ્તા અને પેહેલવી ભાષા ઉપર તોહોમત મુકેછે કે, પારશીઓએ હિંદુસ્તાનમાં આવ્યા પછે અવસ્તા સંસ્કૃત ઉપરથી અને પેહેલવી અરબી, ફારશી ઉપરથી બનાવી છે, તે તોહોમત રદ બાતિલ છે.

વળી કેટલાક ગૃહસ્થો પેહેલવી જબાન સાસાન્યાન પાદશાહોનાં વખતની જણાવતાં તેઓ પોતાનાં ટેકામાં એવો દાખલો જણાવે છે કે, "પેહેલવી "ભાષા કએઆંની પાદશાહો તો શું બલકેહખાંમનીઆંન ટોલાનાં દોરની "શરૂઆતમાં ઇરાન સરજમીનમાં જે ઘણીએક ભાષાઓ બોલાતી હતી "તેઓમાં એ ભાષાબી અગર જો આંમી લોકોમાં વપરાતી હતે તો બેહીસ્તુન "પાહાડ ઉપર કોતરાવેલા લેખોમાં શેહનશાહ દરાયશ હીસ્તાસ્પીસનાં જમાં- "નામાં બોલાતી ત્રણ જુદી જુદી ભાષાઓમાં એકજ બાબદ શરૂ તખ્તીઓ "જે કોતરાએલી છે તેઓ સાથે બિજી એક તખ્તી પેહેલવી ભાષામાંબી આપ- "વાને એ નામવર પાદશાહ ભુલી જાય એ બનાવ એ પાદશાહની વર્તણુક "તરફ જોતાં તો નહીં બની શકે એવો છે." એ પ્રમાણે બોલનારાઓની મ્હોટી ભુલ છે, કારણ કે બેહીસ્તુન પહાડ ઉપર કોતરાએલી ત્રણ ભાષાની તખ્તીઓ સાથે પેહેલવી ભાષામાં તખ્તી કોતરી નથી, તો તેથી કાંઈ એવું નહીં ઠરતું કે તે વખતમાં પેહેલવી ભાષા નહીં હશે તેથી નહીં કોતરાઈ હોએ. એમ તો અવસ્તા હરફે અવસ્તા ભાષા મધેબી તખ્તી નથી કોતરી, તેથી શું તેઓ એમજ દાખલો આપશે કે, બેહીસ્તુનના પાહાડ ઉપર હખામીશ પાદશાહોનાં દોરની શરૂઆતમાં ત્રણ જાતની ભાષામાં તખ્તીઓ કોતરાઈ છે, તેઓ અવસ્તા હરફે તે ભાષાની તખ્તી કોતરાઈ નથી: તેથી, એ ભાષા પણ હખામીસ વગેરા પછી કોઇ જમાનામાં ઉભી થઈ હશે? એવો કાંએ નહીં

કોઈ સવાલ કરશે. જો કે એ સવાલનો જવાબ તો ઘણો ટુંકો અને સેહેલ છે; તે એ કે, શેહેનશાહ ગુશતાસ્પનાં વખ્તમાં જ્યારે પેગમબર સાહેબ જરથુસ્ત સ્પેતમાન, તે બુજોરગ શેહેનશાહની દરબારમાં, પવિત્ર યજદાંથી દીન લઈ આવ્યો, તે વખ્તમાં, અવસ્તા ભાષા બોલાતી હતી, કારણ કે જયારે હિંદુસ્તાનનો ગુરૂ "ચંદ્રઘાચ" અને "બયાસ" અને યુનાંની ગુરૂ "તુત્યાનુશ" પેગમબર જરથુસ્ત સાથે તકરાર કરવાને, મજકુર શેહેનશાહાની દબદબા ભરેલી દરબારમાં, આવ્યા હતા ; ત્યારે, પેગમબર જરથુસ્તનાં હોકમથી, તેનાં એક એરદમંદ શાગેરદે, તેઓ શું શું સવાલ કરવા આવ્યા હતા, તેનો મનપતીજ ભરેલો બોલાસો, તે લોકોનાં વગર સવાલ કરવે કે બોલવે, એક અવસ્તાના નોશક મધેથી વાંચી સંભળાવ્યો હતો. વળી બિજો મોતેબર દાખલો એ છે કે, જેવારે પેગમબર સાહેબ અશો જરથુસ્ત, શેહેનશાહ ગુસતાસ્પની દરબારમાં તેનાં તખ્તની નજદીક દાખલ થયો, તેવારે તુરતજ, તે પવિત્ર પેગમબરે, શેહેનશાહ ગુસતાસ્પને અવસ્તા ભાષામાં દોઆ તથા નસીહતો કરી હતી, તે દોઆ તથા નસીહતો હાલે મોજુદ છે. એ દાખલાઓ ઉપરથી ચોકસ થાય છે કે શેહેનશાહ ગુસતાસ્પનાં વખ્તમાં અવસ્તા ભાષા દરબારી યા આંમી લોકોમાં બોલાતી હતી; તે બોલાતી બુજોરગ ભાષામાંજ, પેગમબર સત જરથુસ્તે યજદાંની ધર્મ ખાસો આંમોને સમજાવ્યો હતો; એટલું છતાં, હખાંમીશ વંશરાનાં શેહેનશાહ દરાયશે, એ ભાષામાં અને એજ હરફે તખ્તી કાંએ નહીં કોતરાવી હશે? પેહેલવી ભાષા વિશે સવાલ કરનારાઓને એવો સવાલ કાંએ નહીં થાએ. પેહેલવી વિશે સવાલ કરનારાઓએ જાણવું જોઇયે છે કે, મજકુર હખામીશ વઉંશનાં શેહેનશાહે પોતાના વખ્તમાં, લોકોનાં જાહેર વપરાસમાં આવતી ભાષાઓનીજ તખ્તીઓ કોતરાવી કાંએ નહીં હોએ? શેહેનશાહ દરાયશે, જેમ અવસ્તા ભાષામાં તખ્તી નહીં કોતરાવી, તેમજ, કદાચ પેહેલવી ભાષામાંબી નહીં કોતરાવી હોએ એમાં અચરત શાનું થયું! પણ જુવો, પેહેલવી ભાષા કીઆ જમાનામાં ચાલુ થઇ છે તે વિશે, કાઉન્ટ એમ૦ દી૦ ગોબીન્યું નામનો કાબેલ વિદ્વાન, તથા પેહેલવી "દીનકર્દ" તથા "શેકંદરનામાં" તથા ફરહંગે "બુરહાને કાતે," ફરહંગે" જેહાંગીરી" તથા ફરહંગે "રશીદી" નાં, કાબેલ ગ્રંથકરતાઓ શું લખેછે.

કાઉન્ટ એ૦ દી૦ ગોબીન્યુ નામનો કાબેલ ગ્રંથકરતા લખે છે કેઃ—"પા-
"દશાહ 'ગુસતાસ્પ' અથવા 'અસ્પંદીઆર' અને 'અરદશીર બાબકાન' નાં
"જમાનાંની વચેજ હુજવરેશ ભાષા શ્રી ઇરાનની સર જમીનમાં ચાલુ
"અથવા રેવાજ પાંમેલી હતી હેવું તે વખતનાં શિક્કાઓનાં લેખ ઉપરથી
"વગર શક અને શોબેહ ભરેલી રીતે સાબેત થઇ શકે છે."*

કાઉન્ટ એ૦ દી૦ ગોબીન્યુનું બોલવું બરહક છે; કારણ કે, પેહેલવી દીન-
કર્દનાં ત્રીજા દફતરથી ઓલ્લું જણાએ છે કેઃ—"બુજોરગ દરજાનાં શેહેનશાહ
"ગુશતાસ્પે તે અસલ (દીનકર્દ) કેતાબ ઉપરથી નકલ કરવા તથા અસલને
"ગંજેશસ્પીગાંન" (યાને પાદશાહી પુસ્તકખાનાં) માં રાખવાને ફરમાવ્યું,
"અને તે ઉપરથી નકલોનો ફેલાવો કરવાને ફરમાવ્યું; અને ત્યાર પછી તેની
"એક નકલ 'દેઝ્રેનપેસ્તે' (દસ્તખરનાં) કીલ્લામાં મોકલી ને તેને ત્યાં જાલવી
"રાખવાનો હોકમ થયો."†

વળી, શેકંદર રૂમીનાં વખતમાં યરીઅન ખાતે પેહેલવી ભાષા ચાલુ હતી,
અને તે મધે એ પાદશાહાની તવારીખ પણ લખાઇ હતી; તેની લખાએલી
એક નકલ શાએર "નીજામી" ગંજનવીને મળી હતી; તે વિશે, એ શાએ-
"ર નેજામી" ગંજનવીએ બનાવેલાં શેકંદરનામાં મધે લખે છે કેઃ—"તે
"બુજોરગ પાદશાહને લગતા સઘલો હેવાલ બંધ બેસ્તી એક કેતાબની અંદર
"મને લખેલો ન મળીઓ, તેથી છુટું છુટું જે જે કેતાબમાં તેને લગતું વરણ-
"ન હતું, તે દરેક કેતાબમાંથી ચુંટી કહાડીને તે ઉપરથી આએ પુસ્તક મેં
"બેતામાં બનાવ્યું છે; તેમાં અગત્ય કરીને શેકંદરનાં વખતની તુરતની યુનાની

---

* (જુવો કાઉન્ટ "એ૦ દી૦ ગોબીન્યુનાં ખીલાસીક હરફોનાં લેખોનો ગુજરાતી તરજુમો મી૦ મનસુખ શાહએર ઇ૦ સ૦ ૧૮૬૫ માં છપાવ્યો છે તેને સફે ૭ થેની ફો૦ ૫ મોધી.)

† [illegible]

દી૦ દ૦ ૩ જુ.

"(ગરીક) નશરાંની (હીબરૂ) અને પેહેલવી ભાષામાં લખાએલી કેતાબો "ઉપરથી આએ કેતાબ બનાવી છે."*

ઉપલોજ "નેજાંમી" શાએર શેકંદરનામાં મધે લખે છે કે:—"એલમને "લગતી કેતાબોનો દરી† (પેહેલવી) ભાષામાંથી યુનાંની (ગરીક) ભાષામાં "(સિકંદરે) તરજુમો કરાવ્યો હતો."

ફરહંગે બુરહાને કાતિનો બનાવનાર મોહમદ હોસેન તબરેજી, પોતાને મળેલાં પુરાણાં પુસ્તકોની દલીલ ઉપરથી લખે છે કે:—

"કેટલાક લોકો એવું કહી ગયા છે કે, પેહેલવી ભાષા કએઆંની ઓની "દરબારને લગતી ભાષા છે."‡ ફરહંગે બુરહાંને કાતિના કાબેલ ગ્રંથકરતાનાજ જેવો વિચાર ફરહંગે જેહાંગીરી તથા ફરહંગે રશીદીનાં કાબેલ ગ્રંથકરતાઓએ પણ આપેલો છે.

વાંચકોએ, ઉપર વાંચી જોયું હશે કે, હાલે પેહેલવી ભાષા ઉપર કેવી રીતનાં ચુંથાણાં પડેછે; એ ચુંથણાં પડવાનું મુખ્ય કારણ પેહેલવી જુબા-

---

* اثرهاي آن شاه آفاق گرد   نديدم نگاريده در يک نورد
سخنها که چون گنج آگنده بود   بهر نسختي در پراکنده بود
زهر نسخه برداشتم مايها   برو بستم از نظم پيرا يها
زياده ز تاريخ هاي نوي   يهودي و نصراني و پهلوي
گزيدم زهر نامهٔ نغز او   زهر پوست برداشتم مغز او
زبان درزبان گنج پرداختم   وزان جمله سرجملهٔ ساختم

સેકંદર નામું.

† નેજામી એ પેહેલવીને ઠેકાણે "દરી" નો બોલ વાપરેલો છે, પણ દરી ભાષાની મતલબ પેહેલવી ભાષાની સહમજવી; કારણ કે પેહેલવી ભાષા ઇરાનનાં કએઆંની પાદશાહઓના વખતમાં દરબારી ભાષા તરીકે વપરાતી હતી અને દરી ભાષા છેક પછવાડેનાં વખતમાં બોલાતી હતી, એ ઉપરથી કેટલાક ફારશી ગ્રંથકારો પેહેલવીને "દરી" ભાષાને નામે ઓળખી ગયા છે.

خرد نامها را لفظ دري   بيونان زبان کرد کسوت گري

સેકંદર નામું.

‡ بعضي گفته اند که لغت پهلوي زبان پاي تخت کيان بوده است

બુરહાંને કાતે.

નમાં દાખલ થએલા સેમેટીક ભાષાઓને લગતા કેટલાક શબ્દો તથા વગર સંભાળથી પછવાડેથી લખાયલી કેટલીએક કેતાબોને લીધે છે. એજ સબબો ઉપરથી યુરોપનાં વિદ્વાનો પેહેલવી ભાષાનાં જમાનાંને છેક પછવાડેનાં જમાનામાં લઈ જાય છે, પેહેલવી ભાષાનાં જમાનાંને પછવાડે લઈ જનારા સઘળા એકમતથી એકજ જમાનો બતલાવતા નથી; પણ ઘણીક તડ થઇ છે. કોઈ કેહેછે કે પેહેલવી જબાન અવસ્તાનાં જમાનાની સાથ-નીજ છે. કોઈ કેહે છે કે પેહેલવી ભાષા પાદશાહ ગુસતાસ્પ અથવા એસ્પંદી-આર અને અરદશીર બાબકાનનાં વખત વચેની છે. વળી કોઈ કેહેછે કે પેહેલવી ભાષા ઈસુની ૫૦૦) થી તે ૬૦૦) વરસ આગમજ "સીરી-આ" દેશમાં તથા તેની નજદીકનાં ઇરાંનનાં પ્રાંતો મધે બોલાતી હતી. કોઈ કેહેછે કે, "આરસાસાઇદ" (Arsaside) ટોળાંનાં પાદશાહઓનાં સિ-ક્કાઓ ઉપરનાં નામોનાં અક્ષરોનો આકાર "હુજ વરેસ" ભાષાનાં હરફોને અકસર કરી મળતો આવે છે. વળી કોઈ કેહેછે કે, પેહેલવી ભાષા "એશકી-અન" ટોળાંના જમાંનામાં થઈ છે. વળી કોઇ કેહે છે કે, પેહેલવી ભાષા "પારથ્યન" ટોળાંના જમાનામાં થઇ છે. વળી કોઈ કેહે છે કે, પેહેલવી ભાષા "સાસાન્યન" ટોળાંનાં વખતમાં થઈ છે. વળી કેટલાકો કેહે છે કે પેહેલવી ભાષા યજદજરદની પાદશાહી ગયા પછે દસ્તુરોએ અરબી ભાષા ઉપરથી બનાવી છે. એવી એવી રીતનાં જુદા જુદા ગૃહસ્થોનાં જુદે જુદેવખતે લ-ખાંણો થઇને એ બિચારી લાચાર ભાષાને ઘણી રીતે વધનમાં નાંખી છે.

વાંચકોએ જાણવું જોઇયે છે કે, એ તો તમોએ પેહેલવી ભાષાનાં જમાનાં વિશેનાં વિચારો જોયા; હવે પેહેલવી ભાષા કેઈ કેઈ જબાંનો ઉપરથી ઉત્પન્ન થઈ છે, તે વિશેનાં યુરોપ તથા હિંદના વિદ્વાનોનાં વિચારો જણાવીએ છીએ.

આંકુ વીટીલ ડુ. પેરોન જણાવે છે કે, પેહેલવી ભાષા જંદમાંથી નીકળી હતી. વેસ્તર ગાર્દ પેહેલવી જબાન વિશે લખે છે કે, ઇરાન મધે તખ્તીઓ ઉપર તથા સિક્કાઓ ઉપર શાહાંની અમલનાં જે લેખો કોતરેલા છે, તે અસલ પેહેલવી જુબાન છે, અને તે જુબાન "સીરો એરબ્યન" ટોળાંની છે, પણ જરથુસ્તીઓ પાસે હવડાં જે પેહેલવી તરજુમા તથા પુસ્તકો છે તે કાંઈ અસલ પેહેલવી જુબાનમાં નથી, તે તો "દરી" જુબાનમાં છે, અને

તે જુબાનને જરથુસ્તીઓનાં મોબેદોએ પોતાનો એલમ છુપાવવા સારૂ તથા વધારે બુજોરગી બતલાવવા સારૂ થોડોએક ફેરફાર કરીને તેની ઢપ બદલી નાંખી છે, અને તે મતલબથી તેઓએ ફારશી ભાષાને માત્ર "જંદ" નાં અક્ષરો તથા તેને મળતા અક્ષરોથી લખી છે. પ્રોફેસર આલશારોન પેહેલવી શિક્કાઓની જુબાન વિશે લખેછે કે, એ શિક્કાઓની જુબાન હવેડેની ફારશી જુબાન સાથે મેળાપ રાખે છે. પ્રોફેસર આલશાસેન બિજા ગ્રંથકરતાઓ સાથે એકમળતો થઇને એ શિક્કાઓની જુબાનને ફારશીને મળતી ઇરાની એરીઅન ટોલાંની ભાષા કબુલ રાખેછે. ડાકટર સ્પીગલ પેહેલવી ભાષા વિશે લખે છે કે, પેહેલ વેહેલાં જ્યારે એ ભાષાના ઉચ્ચાર તદન જુદી જુદી રીતે કરતા હતા, તે ઉપરથી એવું ધારવામાં આવતું હતું કે, એ ભાષા "સીથીક" (તુરાંની) લગતી હશે; પણ એ તદન ફારશીને મળતી છે અને એની syntax (વાક્યરચનાં) ઉપરથીજ ફારશીની syntax (વાક્યરચનાં) નિકળેલી છે, પણ એમાં સેમેટીક શબ્દો ઘણાં ભેળાઈ ગયા છે, તેમ ઘણોખરો ભાગ જંદનાં શબ્દોનો છે. ઉપર પ્રમાણેનાંજ બિજા ગ્રંથકારોએ પણ જુદાં જુદાં મતો આપ્યાં છે.

પેહેલવી ભાષા વિષે ઉપર પ્રમાણેનાં વિચારો આપનાર હયાત ગૃહસ્થોને હમો નમનતાઇથી ભલામણ કરીએ છીએ કે, જો તેઓ ચાલુ પુસ્તકોની પથ્થરની અને શિક્કાની પેહેલવી, ઉજ્વારેશ ધાતુઓ સાથે સંભાળથી સરખાવી જોશે, તો તેઓને ખાતરી પુર્વક માલુમ પડશે કે, એ ઉપલી ત્રણ ભાગની પેહેલવીઓ પુરાંણી એરીઅન ભાષા ઉપરથી ઉત્પન્ન થએલી છે. આટલું તો હમુને કબુલ કરવું જોઇએ છે કે, છેક પુરાતમ જમાનાંથી તે ગયાં બારસો વરશ સુધીમાં ઇરાનનાં ઉપર જુદદીન લોકોના કેટલાક હુમલાઓ થવાથી, જુદા જુદા વખતો મળી ઘણી વખતે ઇરાનનું રાજ્ય તેઓનાં સ્વાધીનમાં રહયું હતું; એવું તવારીખો ઉપરથી આપણુને ખોલ્લું જણાએ છે. એવા સબબોને લીધે એ નિર્મળ એરીઅન ભાષામાં ઘણાંક સેમેટીક ધાતુઓ દાખલ થયા છે; જેમકે હાલે, ગુજરાતી ભાષામાં મહમદીઅન લોકોનાં દોરને લીધે, અરબી અને ફારસી ભાષાનાં, તથા ઇંગ્રેજી દોરને લીધે, ઇંગ્રેજી ભાષાનાં ઘણાક બોલો તથા ધાતુઓ ભેળાયા છે તેમ.

હવે પેહેલવી ભાષાનાં જમાના વિશે, હમે હમારો નકેશ વિચાર આપીએ તેની આગમજ, લગાર અસલ બાબતથી હમુને આડું ફાટવું પડેછે. તેમ કરવાનું મુખ્ય કારણ એ કે આદમની શુરૂઆત ક્યારથી અને તેનું મથક ક્યાંથી તથા મજદયસ્‌ની (યજદાંપરસ્તી) ધર્મનું પુરાતમપણું ક્યારથી અને તે કોણથી એ હમો ટુંકમાં જણાવવા માંગીએ છીએ તેથી હમારા અશરાફ વાંચકોએ એવો વિચાર ન કરવો કે હમો કોઇ જાતનું ટાહેલું કરીએ છીએ. હમોએ ઉપર જણવેલી બાબતોનો ટુંકમાં ખોલાસો થવાથી વાંચકોને માલુમ પડશે કે, એર્યન લોકો પેહેલા અને તેઓની ભાષા પેહેલી, કે સેમેટીક લોકો પેહેલા અને તેઓની ભાષા પેહેલી છે.

યુરોપ તથા હિંદનાં કેટલાક વિદ્વાનો પેહેલવી વિશેની બાબતો લખતાં જગો જગોએ, સેમેટીક ભાષાની ઘણીજ આરાધનાં કરેછે, કારણ કે તેઓ એવું સહમજે છે કે, પેહેલવી ભાષા ઘણીખરી સેમેટીક ઉપરથી થઈ છે. હવે, જ્યારે એમજ છે ત્યારે આપણને જાણવું જોઈએ છે કે, એર્યન ભાષાઓની શાખા સઉથી પેહેલી કે સેમેટીકની, તો આપણને જણાએ છે કે, એર્યન ભાષાઓની શાખા પેહેલી છે; કારણ કે, અવસ્તા, પેહેલવી, પાજંદ અને ફારશી કેતાબોનો શોગલ કરવાથી આપણને ખોલ્લું જણાવ છે કે, એર્યન ભાષાઓનું મૂળ અસલ છે.

આજ આપણને અવસ્તાઓનાં એશારાઓ ઉપરથી તથાં પેહેલવી, ફારશીમાં લખાએલી તવારીખો ઉપરથી ખોલ્લું જણાએ છે કે, આએ દુનિયાંનાં ચાલુ દોરની શુરૂઆતમાં "અઈર્યન વેજો" માં "ગયેમરથન" યાને ગયોમરદને પાક ખોદાવંદ તાલાએ, પેહેલો પેદા કરયો હતો, કે જેને બિજી કોમવાળાઓ બાવા આદમને નામે ઓલખે છે. એ "ગયેમરથન" માંથ્ર (અવસ્તા) જબાનનો બોલ છે. એને પેહેલવી અથવા "ઉજવારેશ" ભાષામાં "ગયેમરથન," "ગયોમરદ," "ગેલશાહ" "તીનામલકા" અને "અશોએગંધા" કરી કેહે છે. ફારશી ભાષામાં "ગયોમરદ," "કંયુમરસ," "કયામરસ," "કેમરત" અને "ઇરાન." ઇત્યાદિ કરી કેહેછે. વળી, એમભી જણાવવામાં આવ્યું છે કે, એનું અસલ નામ "ઇરાન" હોવાથી એનાં રેહેઠાણનું નામ "અઇર્યન".

અથવા "ઇરાન" પડેલું છે. એ ગયેમરથનનાં ખુનથી, "મશી" અને "મશીઆંને" નામનું એક જોડું પાક ખોદાવંદ તાલાએ ઉપલીજ પવિત્ર જગોમાં પેદા કરેલું હતું; તે જોડાંથી સાત જોડાં અને તે જોડાંઓથી વળી બિજાં ઘણુંક જોડાંઓ પેદા થયાં હતાં. "મશી" અને "મશીઆંને" થી પેદા થયલાં જોડાંઓને, પાક યજદાંનો પેગામ લાવનાર સરોશ યજદનાં હોકમથી, સાતે ખંડ ઉપર મોકલ્યાં હતાં, અને આદમની સઘળી પેદાએશ એ ગયેમરથન*નાં ખુનથી થએલી છે. અને વળી એમ મળી આવેલું છે કે જ્યારે "અઇર્યંનવેજ"માં એ ગયેમરથનની એઓલાદનો ઘણો વધારો થતો ગયો, ત્યારે આપસ આપસમાં ટંટો બખેડો થવા માંડયો, એ ઉપરથી ઘણુંક લોકો તે જગોથી આગળ વધતા ગયા; જ્યાં જેને ફાવ્યું ત્યાં તેઓ નિકળી ગયા. એજ પ્રમાણે પછી પણ, જેમ જેમ વસ્તી વધતી ગઈ તેમ તેમ, અને જેમ જેમ ફેસાદ વધતો ગયો તેમ તેમ, તેથીબી આગળ વસ્તી વધતી ગઇ. એજ પ્રમાણે હફ્તકેશવર (સાતે ખંડો) ઉપર વસ્તી વધતી ગઈ. દાખલા તરીકે જોવું હોય તો એ છે કે, જે જે જગાઓ ઉપર જે લોકો જઇને વસ્તા ગયા, તે લોકોનાં નામો તે જગાઓ તથા પાહાડો સાથે હજુર સુધી જોડાએલાં છે; જેમ કે, "તુરકસ્તાનનો" મુલાક પાહાદશાહ ફરેદુનનાં બેટા "તુર"નું રેહેઠાણ હોવાથી પડયું છે. "એર્યંન" અથવા

* એ બાબત પેહલવી "દીનકર્દ" તથા "બુન્દેહેશને" નામની કેતાબોમાં તથા બીજી કેતાબોમા આવેલી છે.—

"દીનકર્દ"માં લખેછે કે:—

પેહેલવી.

[illegible]

[illegible]

અર્થ.

સઘળાં આદમીનાં તોખમ ગયોમરથનથી છે; અને ગયોમરથને શોભા આપનાર પાદશાહઓનાં તોખમ ભાગ્યશાલી "ફરવાક" (સીઆમકે)થી છે.

દી૦ દ૦ ૩ જું.

ઇરાન "ગયોમરથન"નું રેહેઠાણ હોવાથી પડયું છે, કારણ કે, તે દીનદારી અને ઓદાઈ રાહ ઉપર ચાલવાથી "ઇરાન"ને નામેબી ઓલખાતો હતો. સીઆમકનું રેહેઠાણ એક પહાડ ઉપર હતું, તેથી તે પાહડનું નામ "સીઆમકો"* ને નામે ઓલખાએ છે "કેકાઉશ"નું અસલ મથક પહાડ ઉપર હોવાને લીધે એક પાહાડનું નામ "કેકહીઉશ" કરીબી છે. તેમજ વળી, "તાજ" નામનું એક મનુષ્ય જે જગો ઉપર જઈ રહયું, તે જગો "તાજી" (અરબસ્તાન) ને નામે ઓલખાએ છે; એ "તાજ" નામનો શખ્સ "મશી" અને "મશીઆને" ને પેટે અવતરયો હતો, અને એ "જહાક"નો વડવો કેહેવાય છે, એ ઉપરથીજ જહાક "જહાકે તાજી" ને નામે ઓલખાતો હતો. એવી રીતે જગાઓનાં, પાહાડોનાં અને શેહેરોનાં નામો પડેલાં છે,† એ સરવે કોઇને રોશન છે. હવે, એ ઉપરથી હમારૂં બોલવું સિદ્ધ થાએ છે કે, જેમ જે મનુષ્ય જે જગા ઉપર જતો ગયો, તેમ તે પોતાની બાપીકી ભાષા તથા બાપીકો ધર્મ પણ મુકતો ગયો. દાખલા જોવા હોએ તો એ છે કે, "તાજ" નામનો શખ્સ તો "અઇર્યનવેજ" નામનાં મોલોકમાં "મશી"થી પેદા થયો હતો, તે જ્યારે ઇરાનથી નિકલી ગયો અને તે જે જગા ઊપર જઇને રહયો, તે જગાનું નામ "તાજી" કરીને ઓલખાએ છે. હવે, એની ભાષા તો અસલ એર્યન હતી અને "તાજી" માં વસેલી તેની ઓલાદ તો હીબરૂ અથવા અરબી ભાષા બોલતા આવ્યાં છે અને બોલે છે, અને તેઓનો ધર્મ પણ એર્યન લોકોથી જુદોજ છે. તેમજ, પાદશાહ ફરેદુને પોતાના વડા તથા વચલા બેટાઓ "તુર" તથા "સેલમ" ને "તુરક-

* પહાડોનાં મુશાકજ નામો "જમીઆદ" યશતમાં તથા "બુનદેહેશન" માં આવેલાં છે.

† જમીઆદ યશત મધે લખેછે કે—

અવસ્તા.

[illegible]

[illegible]

અર્થ.

જે પાહાડોનાં નામો અગાઉનાં માણસોએ તેઓનાં દેખાવ અને નજદીક મલતી આવતી ચીજો ઉપરથી આપેલાં છે.

સ્તાંન" તથા "રૂમ" નાં મોલકો આપવાથી તેઓ બાપ સાથે નાફરમાન થવાને લીધે પોતાની બાપીકી ભાષાઓમાં અને ધંધામાં પણ ફેરફાર કરતા ગયા. એવી રીતનાં બિજા દાખલાઓ ઘણાંબી મલી આવેછે, પણ લમબાંણ થવાને લીધે અત્રે ખતમ કરીએ છીએ.

સીઆમકની સાથે દેવોને લડાઈ થઈ અને તે દેવોને હાથ મારયો ગયો: એવું ફારશી શાહાનામાં મધે, ગયોમરસનાં દાસ્તાનમાં આવેલું છે, તે દેવો પણ એરીઅનનાં ભાગમાં રહેલા બુરા તથા બદ શેકલ લોકો તથા બિજા મોલોકમાં દુશમનીથી નિકળી ગયેલા લોકોજ સહમજવા; કારણ કે "અઇર્યેન વેજ્ર" અથવા એર્યેનનાં લોકો બુરી ચાલનાં બુરા, બદ અથવા ડરામણી શેકલનાં અને ફેશાડચા લોકોને દેવોને નામેજ ઓલખતા હતા. જેમ જેમ લોકો "અઇર્યેન વેજ્ર" થી આગળ વધતા ગયા, તેમ તેમ બિજી વેરાન જગાઓ વસ્તી ગઇ, અને જે લોકો "અઇર્યેન વેજ્ર" અથવા "એરીઆ" થી બાહેર જતા ગયા, તે લોકો એર્યેન લોકો સાથે દુશમની રાખવાથી પોતાનો ધર્મ તથા બાષામાં પણ ફેરફાર કરતા ગયા. અસલ તેઓનો ધર્મ **યજદાંપરસ્તીનો** હતો અને અસલ તેઓની ભાષા માંથ્ર જે હાલે અવસ્તાને નામે ઓલખાય છે તે હતી. એનાં દાખલા જોવા હોએ તો અવસ્તા, "દીનકર્દ તથા દીનની બિજી કેતાબો મધે નીચે મુજબ આવેલું છે. દુનિયાં-"નું પેહેલું આદમ જે ગયોમરથન" છે, "તે ખરો યજદાંપરસ્ત હતો, તેણે "આએ બાકી દુનિયામાં સરવેથી પેહેલાં તે દીન, પેદા કરનાર હોરમજદથી "કબુલ કીધી હતી, અને તેણે પેહેલાં અશોઇની બરતર રાસ્ત અને બાલેસ "દીન દાદાર હોરમજદને ચાહાવાની સેતાએશ કરવાની વમાસી"* "તે

* [illegible]

દી॰ ૬૦ ૧ લું.

[illegible]

દી॰ ૬૦ ૭ મું.

[illegible]

દા॰ દીની.

"પેદાએશની શુરૂઆતમાં, પ્રથમ " ગયેમરથ્ન " બરતર ગાથા વાણીને
"પઢાંણુ અને કરાંણુથી, દ્દલ્લતને ટાલનારો હતો; અને એ એક (ગયેમરથ્ન)
"થી, આદમીનાં વિચારવા, બોલવા, અને કરવાનો, દરેક નેક વિચાર, નેક
"વાણી અને નેક કરણીની સમપુર્ણતાઇ જાહેર થઇ છે"* "પેદાએશનાં
"પેહેલાં ગયેમરથ્ન" એ નેક મનશાનીને (હુમત પાએ દીનને)† વમાસી
"બુન્નેરગ અવસ્તા વાંણીની નેક વાચા પઢીઓ, સેતાએશ અને સવાબની
"નેક કુનશની એખતીઆર કીધી યાને સઘળાઓમાં પ્રથમ યજશનેનો
"સવાબ ગાથા વાણીથી તેણે કીધો."‡

[illegible]

દા૦ દીની.

* [illegible]

[illegible]

[illegible]

દી૦ ૬૦ ૩ જું.

† "હુમતપાએ" તે "બેહેમન પાએ" ને કેહેછે, જેમકે, "સતરપાએ," "માહપાએ" "ખુરશી દપાએ" તેમ "હુમતપાએ દીન" તે એ કે, પાક પરવરદેગારસાહેબે સઘળી મીનોઇ ખલકતો પેદા કરીને, તે મીનોઇ લોકોમાં પોતાની મજદયસ્ની દીનનો ફેલાવો કરવા માટે, તે બુજોરગ દીનને પ્રથમમાં બેહેમન અમેશાસ્પંદને દેખાડી હતી, અને તે બેહેમને મીનોઇના લોકોની પેગમબરી કરી હતી, તેથી તેની દીનને "હુમત પાએ" દીનને નામે ઓલખવામાં આવેછે. એજ દીન પ્રથમ આએ દુનિયામાં "ગયમરથ્ન" અને તેની ઓલાદને સરોશ યજદની મારફતે દેખાડી હતી; અને તેજ દીન સેવટ પેગમબર સાહેબ જરથુસ્તને મળી હતી, જે હાલે આપણ જરથુસ્તીઓ પાલીએ છીએ અને એજ દીન આખેરને વખત "હોશેદર," "હોશેદરમાહ" અને સોશ્યોશ પણ આએ દુનિયાંનાં લોકો માટે લાવશે.

‡ [illegible]

[illegible]

યજ૦ હા૦ ૧૯ મો.

[illegible]

[illegible]

[illegible]

યજ૦ હા૦ ૧૯ મો.

"એ ગયેમરથનએ દીનનાં કામોથી દુનિયાંને સુધારી અને રેવાજને "સમાર્યો. નોરોજ, મેહેરનજાન તથા એ વગેરે કદીમ જશનોનાં બોલંદ "બરતર કામો જે છે તે પેદાએશની શરૂઆતથી, રોજે અવલનાં કયાંને* "(ગયોમરદે), ખોદાઈ કલામથી ચાલુ કીધાં છે. તે યજદાંનાં નુર અને "દાદ ઇનસાફ અને ઝલકાટે કરી જુઠાઈથી દુર અને જોલમથી અ- "લગ હતો; તેણે દુનિયાંનાં દરમ્યાનમાં શેતાબ નેકીનાં કામો કરી લીધાં હતાં "અને આદમીઓનાં દેલને બખશેસથી ખુશહાલ અને પાક કર્યાં હતાં. "તેથી પ્રથમ દાદ તથા દીન દુનિયાં મધે જાહેર થઈ હતી અને તે દાદાર "અહુરમજદની ભલી દીનની રાહાથી (કદીબી) ફર્યો ન હતો. એ "હજરત કઈઉમરસનાં જમાનાંથી તે લોહેરાસ્પની પાદશાહી તુલીક પોરી- "ઓદકેશી દીન, ખુર્દેહ અવસ્તા, ખુરશીદ—મેહેરની આએશ, હાથ- "મોહોડું ધોવાનાં નેરંગ કુસ્તીનાં અવસ્તા, સઘળાં આફ્રેગાંનો, સેતાએશો, "અને થોડીએક નેરંગો હતી. ધરંબાર કરવા, કુસ્તી રાખવી. પાંચે વખતની "બંદગી કરવી, દસ્તાનની પરહેજ કરવી, દસ દિવસ મુકતાદનાં છે તે દિવ- "સમાં એબાદત વિનાં બિજું કામ ન કરવું, બારે મહીનાનાં—ત્રીસે રોજનાં "—પાંચ ગાથાનાં નામો, બારેમહીનાના જશનો તથા અકદ (મરદ ઓર- "તના ગાંઠ બાંધવા)નો મારગ એ મીશાલ હતું."†

---

* 'કયાન' તે શેહેનશાહને કેહેછે; જેમકે 'કએકાઉસ', 'કએખુશરવ,' 'કએ લોહેરાસ્પ' અને 'કએગુશતાસ્પ' એ સઘળા 'કએ'ઓમાં પહેલો 'કયાંન' ગયેમરથને દીનકરદવાળાએ લખેલો છે; અને તે ઉપરથી બીજી ફારસી કેતાબવાળાઓએ એને 'કએઊમરસ' કરી લખ્યા છે.

[illegible] †

દી૦ દ૦ ૧ લું.

[illegible]

[illegible]

દી૦ દ૦ ૩ જું.

ફીરીઆ સાથની યજશને કરવાની સુરૂઆત વિશે, ગયેમરથનનો જ-માનો જણાએઓ નથી. પણ એની સુરૂઆત પાદશાહ હોશંગથી થઈ છે; એવું 'રામયશતનાં' બિજા ફરદાનાં નીચલાં બયાનથી આપણને જણાય છે કેઃ—

"તે 'વએયજદ' (રામયજદ)ને પેશદાદ હોશહંગે લોહોડાંની ખાણવાલા

نخستین پادشاه آمد بد انگاه — کیومرث اشوی پاکتر شاه
زنور وداد و فرایزدی بود — زگنری دورواز جوراوبری بود
بکیی نیکوی درداده بود زود — دل مردم ببخشش شاد بزدود
نخستین دادو دین زو شد پدیدار — نگشت از راه دین بر ز دادار

જર૦ નામે. ૬૦ જર૦ પે૦

باید دانست کر ابتدای آدم از زمان حضرت کیومرث
تا بسلطنت لهراسپ دینی بوریودکیشے و خورده
اوستا وخورشید نیایش و مهر نیایش و اوستای دست و
روی و همر آفرنگان مثل اینها بود

હદી૦ હરાત પુ૦ પા૦ નો ૬૫ મો જબાબ.

پاسخ انکر از زمان کیومرث تاً آمدن زرتشت پیش
ویشتاسپ شاد اوستا وستایش و افسان اندکی بود
و گهنبار بود و کستی داشتن بود و دیگر تمام اوستا و زند
بیست و یک نسک زرتشت آورد

ઓલા૦ દી૰

از زمان حضرت کیومرث تا امروز نوروز قدیم کر مراد
از نوروز عامر باشد برنهج دین ود مازدیسنان

જ૦ ૬૦ મી૦ "યજદ"

نخستین کیومرث این مدت ماها بدوازده قسمت کرد
اول مبداء تاریخ پدید آورد

ફી૦ ૧જ૦

"'તએર' પાહાડની નજદીક સુનેરી તખ્ત (હિંદોલા) ઉપર, સુનેરી બાજટ, "(ઓઆંન) ઉપર, અને સુનેરી બીસતરા ઉપર બોલંદ બાંધેલી 'બરસમે' "વેહેતી પુર્ણતાની તરફ ઇજીએ."* બિજું માંથ્ર (અવસ્તા) ઉપરથી માલુમ "પડેછે કેઃ— "જરથુસ્તી ન્યાયધર્મ વિશે ઘણીજ લાંબી મુદત આગ- "મજનો ચાલુ કરેલો, ભલી મજદયસ્ની દીનનાં ચાલુ રેવાજનો, નિર્મલ "પસંદ ભાવ 'દાતહએવીદેવ'† નાં વૃધ્ધિ કરનાર 'માંથ્રા' નો હતો.‡

એ ગયેમરઅન વિશે અવસ્તાનાં તથા બિજા કેતાબી દાખલાઓ ઉપરથી વાંચકોએ ઉપર જોયું કે, અસલ દુનિયાંની શુરૂઆત બુજોરગવાર

[illegible]*

[illegible]

રામ. યશ્ત.

† "દાતહએવી દેવ" [illegible] યાને "જવીદશીદાદ" [illegible] એટલે જે "વંદીદાદ" [illegible] એવે નામનો જે પુસક છે તેહેને કેહેછે. ઉપલા અર્થમાં પવિત્ર અવસ્તાનો "દાતહએવીદેવ" બોલ આવેલો છે; એ ઉપરથી એવું જણાય છે કે, જરથુ-સ્તનાં લાવેલા "દાતહએવી દેવ" [illegible] ની ઘણી લાંબી મુદત આગમજ, "દાતહએવી દેવ" [illegible] યાને "જવીદશીદાદ" [illegible] એટલે જે "વંદીદાદ" [illegible] યાને "બદીને તોડનારો મારગ" એવે નામનાં "માંથ્રા" (અવસ્તા) હતા. એ "માંથ્રા" કોણનાં વખતમાં હતા, એ કાંઇ આપણને બોલામાંથી જણાતું નથી, પણ એટલું તો ચોકસ જણાએ છે કે, પવિત્ર જરથુસ્તનાં લાવેલા ધર્મની ઘણી લાંમ્બી મુદત આગમજ, "દાતહએવીદેવ" [illegible] યાને "વંદીદાદ" હતો. ઉપર જણાવેલી "ગયેમરઅન" અને "હોશહંગ" ની બાબતો ધ્યાનમાં લેતાં અટકલો કરી શકાએ છે કે, "ગયેમરઅન" યા "હોશહંગ" નાં જમાંનામાં યા ત્યાર પછી કોઇ નજદીક જમાનામાં "વંદી-દાદ" જેવાબી અવસ્તા હતા.

[illegible]‡

[illegible]

"ગયેમરથનથી થઇ છે, યજદાંનો ધર્મ પેહેલો એ અશો ગયેમરથનને મલ્યો હતો. તે ધર્મ "માંથ્ર" યાને અવસ્તા જબાનમાં મળ્યો હતો; તેની ભાષા પણ "માંથ્ર" (અવસ્તા) હતી અને તે અશો મરદથી તમામ આદમોની પેદાએશ થઈ છે. હવે એ ઉપરથી તપાસવાનું એટલુંજ છે કે "સેમેટીક" ભાષાની ઉત્પત્તિ પણ અસલ "એર્યન" ભાષા ઉપરથીજ થવી જોઇએ છે; કારણ કે, અસલ આદમનું મૂલજ "એર્યન" છે. અને તેમજ છે ત્યારે તો તેની અસલ ભાષા તથા ધર્મ પણ એર્યનને લગતોજ હેવો જોઇએ, એ આફતાબની મીસાલે ખોલ્લું થાયછે.

હવે, ઉપલાં વર્ણન ઉપરથી વાંચેકોની ખાતરી થઈ હશે કે, "માંથ્ર" (અવસ્તા) જબાન, પેહેલાં આદમ, પાદશાહ ગયેમરથનનાં વખતથીજ છે. જ્યારે એમજ છે ત્યારે, તે જબાન ઉપરથીજ અસલ પેહેલવી ભાષા થઇ છે એમ ચોકસ થાયછે.

યુરોપખંડનાં ઘણાંક વિદ્યાર્થીઓ પેહેલવી જબાનનાં જમાનાંને છેક "એસીરીઅન" તથા "સાંસાન્યાન" નાં વખતમાં લઈ જાય છે, તેનું કારણ તેઓ એવું સહમજે છે કે, અવસ્તા જબાન પેગમબર અશો જરથુસ્તનાં જમાનાંથીજ ચાલુ થઇ છે, તેની આગમજ નહીં હતી. એવા વિચારથી તેઓ પેહેલવીનાં જમાનાંને છેક પાછળ લઈ જવા માગેછે. જ્યારે જરથુસ્તનાંજ જમાનામાં અવસ્તા ભાષાની શરૂઆત થઈ હોય ત્યારે તો હમો પણ કબુલ કરીએ કે, પેહેલવીનો જમાનો છેક પછવાડે જવો જોઇયે, પણ તેમ તો નથીજ, કારણ કે, "માંથ્ર" (અવસ્તા) જબાનનો જમાંનો, હમોએ ઉપર જણાવેલી દલીલો પ્રમાણે, આએ ભવનું; દુનિયાંનું પેહેલું આદમ અને સરવેનાં બાપ પાદશાહ ગયેમરથનનાં જમાનાંથી છે, જ્યારે એમજ છે ત્યારે તો, પેહેલવી ભાષાનો જમાનો પોતાની મેળે "સાસાન્યાન" તથા "એસીરીઅન" વંશની પાદશાહીની આગમજ જવો જોઈએ છે અને તેજ પ્રમાણે હમોએ, પેહેલવી "દીનકર્દ," "શેકંદરનામું" "ફરહંગે જેહાંગીરી"—"રશીદી" અને "ફરહંગે બુરહાંને કાતે" ની શાહાદતો ઉપરથી ઉપર સાબેત કીધું છે કે, પેહેલવી ભાષા કએઆંની ગુશતાસ્પનાં જમાનામાં, રાજ્ય દરબારી એક ચાલુ ભાષા હતી: અને ત્યારબાદ સેંકડો વરશે પાદશાહ શેકંદર

રૂમીએ અવસ્તા તથા પેહેલવી કેતાબો ઉપરથી રૂમી (ગરીક) ભાષામાં તરજુમો કરાવ્યો હતો. ઉપલાં વરણન પ્રમાણે તો પેહેલવી ભાષા કએઆંની ગુશતાસ્પની પાદશાહીનાં વખતમાં મોજુદ હતી એ સાબેત થાએછે.

હવે, નીચલાં વરણન પ્રમાણે એનો જમાંનો છેક પેશદાદીઆન પાદશાહીની શુરૂઆતથી થએલો જણાએ છે, તેનું પેહેલું કારણ એ કે, જ્યારે કયાંની ગુશતાસ્પની પાદશાહીનાં વખતમાં એ ભાષા દરબારમાં ચાલુ હતી; ત્યારે એ ભાષા તેની આગમજનાં જમાનામાં હોવી જોઇએ.

પેહેલવી ભાષાનો જમાંનો કએઆંની પાદશાહતની આગમજ હતો, તેહેનું બિજું કારણ એ કે, પાદશાહ ફરેદુને, પાદશાહ જોહાકની શુમીઆત તોડવા માટે, શરોશયજદની મદદથી કેટલીએક નેરંગો અવસ્તા તથા પેહેલવીમાં બનાવી હતી; તે મધેની હાલ કેટલીએક આપણ સોઢે મોજુદ છે, તે હમો સદાબરી વાંચકોની ખાતરી માટે નીચે ઉતારી લીજીએ છેઃ—

[illegible]

વેસ્તરગાર્ડ વા૦ ૧ લું.

[illegible]

રેવાએત.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

રેવાઅત.

[illegible]
[illegible]

૫૦ વનંત.

[illegible]
[illegible]

૫૦ વનંત.

[illegible]
[illegible] †

૫૦ વનંત.

એ નેરંગો ઉપરાંત બિજી ઘણીક નેરંગો એ નામાંકીત પાદશાહોને નામે કેતાબોમાં આવે છે; પણ ઘણું લમબાંણ થવાને લીધે અત્રે લેવાને હમોએ દુરસ્ત જોયું નથી.

વાંચકોએ જાણવું જોઇયે છે કે, ઉપલી નેરંગો મધે, આખરીઓમાં એઅલા ફતેહમંદ પાદશાહ ફરેદુનનુંજ નામ આવેલું છે; તેથી જણાએછે કે, એ નેરંગો ફતેહમંદ પાદશાહ ફરેદુનનીજ બનાવેલી હોવી જોઇયેચ. જો એ નેરંગો કોઇ બિજા પવિત્ર શખસની બનાવેલી હતે તો, તે મધે તેનુંજ નામ આવવું જોઇતે, યા અગર ફરેદુનની સાથે પણ તેનું નામ આવવું જોઇતે, પણ તેમ તો નથીજ. અગર જો પેગમબર

† ૪થી ૫થી અને ૬ ઠા આંકવાલી નેરંગો વનંતયશત મધે મોહોડું બંધ કરીને બાજમાં પડવામાં આવેછે. એ ઉપલી ત્રણે નેરંગો, હાલે, પાજંદ ભાષામાં પડવામાં આવેછે.

જરથોસ્તે તે બનાવી હશે તો, તે નેક પેગમબરનું પવિત્ર નામ આવવું જોઇતું હતું, તેમ પણ નથીજ, અગર જો કોઇએ પેગમબર જરથોસ્તનાં જમાનાં પછી એ નેરંગો બનાવી હોએ તો, એ નેક અને પવિત્ર પેગમબર જરથોસ્ત સાહેબનું નામ પણ આવવું જોઇતું હતું, પણ તેમ નથીજ. અવસ્તા મધે, જેમ બિજા યજદ અમેશાસ્પંદોની તથા પેગમબર અશો જરથોસ્તની ખશનુંમનો આવેછે; તેમજ ફ્તેહમંદ પાદશાહ ફરેદુનનીબી ખશનુમન, તેની બનાવેલી નેરંગો સાથે આવેલી છે; તે ઉપરથી પણ જણાએ છે કે, એ નેરંગો ફ્તેહેમંદ પાદશાહ ફરેદુનનીજ બનાવેલી હશે.

નેરંગો વિશે ફીરદોસી તુસી પોતાનાં બનાવેલાં શાહાનામાં મધે, ફ્તેહમંદ પાદશાહ ફરેદુનનાં દાસ્તાનમાં નીચે મુજબ એશારો જણાવતાં લખેછે કે:—જ્યારે કાવેઆહંગર, અલબોરજ પાહાડ ઉપરથી ઇરાન તરફ, પાદશાહ ફરેદુનને પાદશાહ જહાક સાથે લડાઈ કરવાને લઇ જતો હતો, તે વેલાએ તેઓએ એક 'નવંદ' નામનાં ગામમાં એક પાહાડની હેઠે વાસો કરયો હતો; તે વખ્તે પાક પરવરદેગારની કામેલ શક્તિ સરોશ યજદે આવી ફરેદુનને કેટલીએક અગમચેતી આપી; તે ઉપર આવતી આફ્તોને ટાલવા માટે તથા બુરા જહાકની શુમીઅતને ટાળવા માટે, નેરંગો શિખવી હતી. ફરેદુનનાં ભાઇઓ ક્યાનુશ તથા પુરમાએ નામનાં તેની સાથે હતા, તેઓ ફરેદુન ઉપર અદેખાઈ લઇ જતા હતા; તેઓએ તેને મારી નાખવાનો એરાદો કરયો હતો. જે દિવસે સરોશ યજદે ફરેદુનને નેરંગો શિખવી હતી, તેજ દિવસની રાતનાં તેનાં ભાઇઓએ ફરેદુનને મારવાનો એવો એલાજ કીધો કે, જ્યાં ફરેદુનનો તંબુ હતો તેનાં મથાલાં ઉપર જઇને એક મોહોટો ભારી પથ્થર કોતરી કાહાડયો અને તે પથ્થર તે ફરેદુનનાં તંબુ ઉપર ગગડાવ્યો કે તેથી ફરેદુન કચડાઇ મરે; પણ જેની ઉપર પાક યજદાંની મેહેરબાંની હોએ, તેને હેરાંન કરનારાઓ કદી પણ ફાવતા નથી, તેજ પ્રમાણે થયું; તે એ કે, જેહેવી ફરેદુનને બશારત થઇ કે તુરત ઊઠયો અને જે નેરંગો 'સરોશ' યજદે શિખવી હતી તે તુરત પઢયો, કે જેથી પેલો ગગડતો પથ્થર અટકી રહ્યો અને પાદશાહ ફરેદુનને કશો આરોબ ન

પોહોંચ્યો* શ્રીરંદાસી તુસોના ઉપલા ખોલાસાથી વાંચકોની ખાતરી થઇ હશે કે, ખોદા તાલાની કામેલ શક્તિ સરોશ યજદે, ફ્રેતેહમંદ પાદશાહ ફરેદુનને નેરંગો શિખવી હતી. તે નેરંગો કેઇ તે હવે આપણને માલુમ પડતું નથી; પણ ધારવામાં આવેછે કે, ઉપર જણાવેલી નેરંગો મધેની, યા બિજી (આંએ બયાન જણાવતાં, લંમબાણ થવાને લીધે, જણાવી નથી તે મધેની) કોઇબી નેરંગો હશે; પણ આટલું તો ચોકસજ થાએછે કે, અવસ્તા તથા પેહેલવી મધે કેટલીક નેરંગો પાદશાહ ફરેદુને બનાવી હતી.

પેહેલવી ભાષાનો જમાનો કએઆંની પાદશાહાતની આગમજ હતો, તેનું ત્રીજું કારણ એ કે, તખતે જમશીદવાલા મેહેલમાં કેટલાક પેહેલવી લેખો હતા; એવું નીચલી કેતાબની એબારત ઉપરથી માલુમ પડે છે:—

"મજમલુલ તવારીખ," مجمل التواريخ † નામની જુની ફારશી કેતાબ મધે તેના બનાવનારે, "એસ્તેખર" اسطخر અથવા પરસી પોલીસનો હેવાલ જણાવતાં, "હેમજહએએસફહાંની"‡ નાં બનાવેલા ફારશી ગ્રંથનો

* પાદશાહ ફરેદુનની આએ બાબતને લગતાં સઘળાં બેતો લંમબાંણ થવાને લીધે અત્રે લેવાને મોકુફ રાખીયાં છે; પણ ફકત જે "નેરંગ" ને લગતાં બેતો છે તેજ હમો, વાંચકોની ખાતરી માટે નિચે જણાવીએ છીએ.

سروشي بد آن آمده از بهشت   كه تا باز گويد بد و خوب و زشت
سوئي مهتر آمد بسان پري   نهانش بياموخت افسونگري
كه تا بندها را بداند كليد   گشاده بافسون كند ناپديد
بفرمان ايزدان سرخفته مرد   خروشيدن سنگ بيدار كرد
بافسون همان سنگ برجاي خويش   به بست و نه غلطيد يكذره پيش

† એ કેતાબ સને ૧૧૨૬ ઇસવીનાં સાલમાં બનેલી છે અને તે મધે "તારીખેતબરી" નાં દાખલાઓ જગોજગોએ ટાંકેલા છે.

‡ "હમજહએએસફહાંની" નાં લખવા ઉપરથી જણાએ છે કે, ઇરાન માંહેલા "તખ્તેજમશીદ" નામનાં મેહેલમાં, આજ આશરે એક હજારથી વધુ વરશની વાત ઉપર ઉપલી પેહેલવી તખ્તી હતી, પણ અફશોશકારક એ છે કે, યુરોપખંડનાં નામાંકીત વિદ્વાનો; જેવા કે, "કેરપોરટર" તથા "સર ઉલીઅમ આઉસલી" ને તેઓની મુસાફરીને વખતે એ તખતી મલી નહીં આવી. જો તેઓને એ મલી હતે તો, તેઓ એ બાબતમાં કાંઇબી ખોલાસો કરતે. તે ઉપરથી એવું ધારવામાં આવેછે કે, એ નામાંકીત મુસાફરોના વખત સુધી તે સચવાઇ નહીં રહેલી; જો તે આજ સુધી સચવાઇ રહી હતે તો આજ એ બાબતમાં એક મોટું અજવાળું થતે, પણ કમ ભાગ્ય આપણાં જરથુસ્તીઓનાં. આપણને હજુર ખોદાવંદ તાલાનાં શોકર ગુજાર થવું જોઇએ છે કે, "હમજહએએસફહાંની"

આધાર બતલાવીને લખેછે કેઃ—'એસફહાંની'ની કેતાબ મધે કુરરી (તખતે 'જમશીદ) નાં હેવાલની અંદર હાવી તરેહનું બયાંન કરયું છે કેઃ—ત્યાં "(તખતે જમશીદનાં મેહેલમાં) પેહેલવી ભાષાની અંદર લખાણો છે, જે વિશે "હેવું કેહેછે કે, એક વેળા એક મોબેદને તે લેખો વાંચવા સારૂ બોલાવ્યો હતો; "તે લખાણની અંદર મતલબ એ હતી કે, આએ બાંધણી "જમશીદ" "નાં વખતમાં ફલાણે રોજે અને ફલાણે મહીને કરેલી છે. આએ "પેહેલવી લખાણ ઉપરાંત બિજું ઘણુંક લખેલું હતું: પણ તે હરફો ન ઉકલવાને "લીધે મેં તે લખી લીધું નથી; કેમકે, આકાર ઉપરથી મતલબ ઉઠી નહીં."*

પેહેલવી ભાષાનો જમાનો કએઆન્યાંન પાદશાહાતની આગમજ હતો; તેનું ચોથું કારણ એ કે, પાદશાહ ટેહેમુરસ્પે દેવ બંદને માટે કેતાબોમાં એવું જણાવેલું છે કે, તેણે અંગ્રેમઈન્યુશ (શેતાન) ને, બદરૂહોને, એવી બુરી રાહે ચાલનારા દુન્યાઈ દેવોને પોતાની પવિત્રાઈનાં બલે કરી, અને પોતાનાં બુરા નફસોને પોતાને તાબે કરવાથી, બદ રાહાથી દુર થયો હતો. તેથી યજદી નુર તે ઉપર વારેદ થયું હતું, અને તેનાં બળે કરી તેણે તમામ બદરૂહ દેવોને પોતાને તાબે કર્યા હતા; અને તે સાથે સઘળા બદરૂહ દેવોનો સરદાર જે ગનામીનો કેહેવાએ છે, તેને પણ પોતાને તાબે કરયો હતો. તે નુરની બરકતથી તેનું મગજ ઘણું ખીલતું થયું અને તેનાં બળે કરી તેણે લખવાનો હોનર પેદા કર્યો હતો. હાલે, ઉપર જે હમોએ ખોલાસો કર્યો, તેને મળતું બયાંન અવસ્તાનાં કલાંમો સાથેની એક આફરીન, જે 'ઓગેમદેચા'ને નામે ઓલ-

જેવા નામાંકીત શુહસ્થે પોતાનાં નામીચા ગ્રંથમાં ઉપલો ફકરો દાંકી લીધો છે. એ ફકરો "એસફહાંની" એ પોતાની તરફથી જોડી તો નહીંજ કાહાડયો હોએ એ તો ચોકસ છે.

* اندر حال کرسي در کتابِ الاسفهاني همي شرح دهد برآنجا
نبشتها بست بفهلوي و همي گويد در روزگار موبدي
را بياوردند که آنرا بخواند درجمله اين لفظ بود
که کردش اين زمان جم بفلان ماه و فلان روز بر
پهلوي نبشتست اين کلمتهاي و بسياري ديگر ومن از
جهت نادانستن حرف آن نه نوشتم که از صورت
عرضي برنانخيزد

બાગ્મે છે; અને જેના સંસ્કૃત તથા ફારસી ભાષાઓમાં તરજુમાંઓ પણ થયા છે; તે મધે, મોહોત ઉપર રાજી રેહેવાની બાબત આવેલી છે; તેનાં દાખલામાં કેટલાક નામાંકીત પેશદાદી આંન પાદશાહોનાં નામો જણાવેલાં છે; તે મધે પાદશાહ તેહેમુરસ્પ વિશે ટુંક બયાંન આવેલું છે, તેમાં નીચે મુજબ જણાવેલું છે કે:—

"તેહેમતન તેહેમુરસ્પે સઘલા દેવોનો દેવ—દોજખી, ગજસ્તે "ગનામીનો"
"ને પકડયો અને ત્રીસ વરશ સુધી તેને પોતાની સવારીમાં રાખ્યો અને ત્રીસ
"લખવાનાં હોનરોની કેતાબ તેથી પોતાને હાથ લાગ્યો."*

ઉપલીજ બાબતને મલતું, પણ લગાર લાંબું બયાંન, શાએરોનાં શાએર ફીરદોસી તુસીએ, શાહાનામાં મધે, પેહેલવી બાસ્તાંનનામાં ઊપરથી, જણાવ્યું છે; તે નીચે મુજબ આવેલું છે:—

"જ્યારે પાદશાહ તેહેમુરસ્પ બદકાર ગનામીનો હેરેમનને પોતાને તાબે કરી,
"તેની ઉપર સવારી કરવા લાગ્યો,† અને બુરા દેવોને પણ જેર કરયા; ત્યારે
"તેઓ મજકુર પાદશાહ સાથે ઘણી દુશમની રાખવા લાગ્યા અને મજકુર
"પાદશાહ સાથે બેદીલ થયા અને તેઓ સઘળા એકઠા થાઇ પાદશાહ તેહે-
"મુરસ્પને મારી નાખવાનો એલાજ કીધો. એ ખબર મજકુર પાદશાહને
"થવાથી તેઓનાં તમામ કામોને બરહમ મારયાં અને તે દેવોનાં મ્હોટા ભાગને

---

* [illegible]

આ૦ ઓગેમદેચા.

† દોજખી ગનામીનો હેરેમનને પાદશાહ તેહેમુરસ્પે ત્રીસ વરશ સુધી પોતાની સવારીમાં રાખ્યો હતો; તેહેનું સહમજવું એ છે કે, તેહેમુરસ્પે પોતાનાં નફસોને અને બુરા હવસોને મારી એટલા તો પોતાને તાબે રાખ્યા, કે તેથી, તેની પરહેજગારીમાં મ્હોટો વધારો થયો, અને મગજ નિર્મલ રેહેવાથી તેને ઘણી કવત થઇ, અને તેમ થવાથી તેની અકકલ ખીલી નિકલી અને તેથી આગાહવંત થયો, અને તે આગાહીનાં બલથી તમામ દુનિયાંનાં ભેદો સહમજવા લાગો, અને તેથી ગોએઆ તે સઘલી દુનિયામાં ફરીને ભેદો જોતો હોય તેવું તેને લાગતું હતું. એ ઉપરથી શાહાનામાનો બનાવનાર ફીરદોસી તુસી લખી ગયો છે કે, પાદશાહ તેહેમુરસ્પ હેરેમન ઊપર સવારી કરીને તમામ દુનિયાં ઉપર ફરતો હતો, એવું જણાવ્યું છે. એ મોબારક ફ્રાલનાં પાદશાહે પોતાનાં નફસને પોતાને તાબે રાખવાથી તેની અકકલ ખીલી નિકલવાથી તેણે ત્રીસ ભાષાનો લખવાનો હોનર પેદા કીધો, કે તેથી દુનિયામાં બિજો મ્હોટો સુધારો થયો.

"પોતાનાં હોનર અને કલાથી બાંધી લીધા અને બાકીનાંઓને લડાઈ કરીને જેર "કીધા; કેટલાકોએ જીવતદાન માંગી લઇ પાદશાહને અરજ કીધી કે, જો "તું હમારા ઉપર રેહેમ કરે તો તુંને હમો એક નવી કલા બતલાવીએ. "કે તેથી તુંને ઘણાં ફાએદા હાંસલ થશે. એ સાંભળી પાદશાહએ તેઓને "જીવતદાંન બક્ષ્યું અને તેઓ સંગાથે તેણે કોલ કીધો. જ્યારે તેઓનાં "છુપા ભેદો શાહે જાણવા માંગ્યા ત્યારે તેઓએ તેને લખવાનો હોનર "શિખવ્યો; તે હોનર એક જાતનો નહીં પણ ત્રીશ તરાંહનો હતો; જેહેવો કે, "રૂમી' (ગરીક), 'તાજી' (અરબી), 'પારશી' (ફારશી), 'હિંદી' (સંસ્કૃત), "ચીની' અને પેહેલવી અને એવીજ રીતનો બીજોબી હોનર શિખવ્યો".†

'એગેમદેચા' નામની પેહેલવી આફરીનનાં તથા ફીરદોસી શાએરનાં ઉપલાં વરણન ઉપરથી ઓલ્લું જણાએ છે કે, લખવાનો હોનર, હેરેમન તથા દેવોને તેહેમુરસ્પે પોતાને તાબે કીધાથી, તેઓથી મલ્યો હતો. એ ઉપરથી બે બાબદો સાબેત થાએછે; એક તો એ કે, હાલ સેમેટીક લોકો એવો દાવો કરેછે કે, યરીઅન લોકો લખવાનો હોનર હમારેથી શિખ્યા છે તે વાત ચોકશ ઠરેછે, કારણ કે, અસલ જમાનાનાં લોકો, કેટલાંક પરદેશાનાં લોકોને તથા બુરા લોકોને દેવોને નામે ઓલખતા હતા. અને બિજું તો એ કે, તેહેમુરસ્પને લખવાનો હોનર મલવાની આગમજ, તે લખાંણને લગતી ભાષાઓ પણ હોવીજ જોઇયે; અને તેમાં પેહેલવી ભાષા પણ હોવી જોઇયે, કારણ કે, ફીરદોસીએ પેહેલવી તવારીખ ઉપરથી પોતાનાં લખાંણમાં તેહેમુરસ્પનાં વખતમાં પેહેલવી લખવાનો હોનર હતો, હેવું જણાવ્યું છે.

ઉપલાં સઘળાં વરણન ઉપરથી સાબેત થાએછે કે, પેહેલવી ભાષા પેશદાદીઆંન પાદશાહઓનાં વખતથી છે. જે ગૃહસ્થોએ ભાષા વિશે શકમંદ થઇને પોતાને મનભાવતા જુદા જુદા જમાનાંના જુદાં જુદાં મતો જણાવ્યાં છે તે રદ છે.

---

† આખે બાબદને લગતાં સઘળાં બેતો અતરે લેવાનાં ખતમ કરયાં છે, કારણ કે, એ બાબદને લગતાં સઘળાં બેતો લેવાથી પણું લમબાણ થાએછે; તેથી જેટલા બેતો ત્રીશ ભાષાનાં લખાંણો વિશે; એ દાસ્તાનમાં આવેલાં છે, તેટલાંજ અત્રે ટાંકી દેખાડેલાં છે.

نوشتن یکی نه که نزدیک سی چه رومی چه تازی و چه پارسی
چه هندی و چینی و چه پهلوی نگاریدن آن کجا بشنوی

પેહેલવી ભાષા, 'ઉજ઼વારેશ' 'ઉજ઼વારેશાન,' 'ઉજ઼વારીને' તથા કોઈ જ઼ંદને નામે પણ ઓળખાએ છે. એ پهلوی 'પેહેલવી' શબ્દ ફારશી ભાષાનો છે. જેમ, અવસ્તા ભાષામાં તે ભાષાને ઓળખાવવા માટે માંથ્ર શબ્દ વપરાએલો છે, તેમ 'ઉજ઼વારેશ,' 'ઉજ઼વારશાન' અને 'ઉજ઼વારીને' શબ્દો પેહેલવી ભાષાને ઓળખાવવા માટે, ખુદ પેહેલવી ભાષામાં વપરાએલા છે. એ 'ઉજ઼વારેશ,' 'ઉજ઼વારશાન' અને 'ઉજ઼વારીને' ભાષા ઓળખાવવા માટે, ફારશી ભાષા મધે پهلوی 'પેહેલવી' શબ્દ વપરાએલો છે. પેહેલવી ભાષા તથા તેનાં જમાનાં વિશે, જેમ યુરોપખંડનાં તથા એસિઆખંડનાં કાબેલ ગૃહસ્થો અટકલથી પોતાનાં મતો જુદાં જુદાં આપેછે; તેમજ પેહેલવી શબ્દની ઉત્પત્તિ વિશે તથા એ ભાષાને ઓળખાવનારા મજકુર શબ્દો વિશે અટકલથી પોતાનાં મતો જુદાં જુદાં આપેછે. કેટલાક તવારીખ તથા કોશ લખનારાઓનું એવું મત છે કે, پهلو 'પેહેલવ' શબ્દનો અર્થ 'તરફ' અથવા 'બાજુ' નો થાએ છે, માટે, ઇરાનનાં દેશોની આસપાસ બોલાતી ભાષાનું નામ પેહેલવી કરીને છે. બિજું, 'પેહેલવ' અથવા 'પેહેલવાન' નો અર્થ બાહાદુર અથવા પેહેલવાનનો થાએછે, તેથી 'પેહેલવી' અથવા 'પેહેલવાંની, એ આગલા ઇરાંની પેહેલવાંનો તથા પાદશાહોને લગતી ભાષા છે. ત્રીજું پهلو 'પેહેલુ' અથવા 'પેહેલવ' શેહેર અથવા દેશને કેહેછે, માટે, 'પેહેલવી જબાન' નો અર્થ 'દેશીભાષા' નો થાએછે.

ડાકટર સ્પીગલ 'પહલવ' શબ્દને અવસ્તાનાં 'પેરેથુ' શબ્દ સાથે મેલવે છે, જેહેનો અર્થ 'બોહોલું' અથવા 'વિસ્તારવાલું' હોવો થાએછે. વળી, ઉપલા વિદ્વાન ગૃહસ્થે, પાજંદ ભાષા મધેનાં, 'પાશુમ' શબ્દ ઉપરથી 'અરા' નો 'અહલ' બનેલા 'પહુલુમ' શબ્દ સાથે 'પહલવ' ને સરખાવ્યો છે.

પ્રોફેસર મેકસમુલર 'પહેલવ' શબ્દની ઉત્પત્તિ સેમેટીક فرش

'ફરશ' જેનો અર્થ બોલાસો અથવા 'વિસ્તાર' નો થાએછે, તે ઉપર થએલી ગણેછે.

મરહુમ ડાકટર મારટીન હાઉગ શાહાનામાં મધે વપરાએલા پہلوی 'પેહેલવી' બોલને લગતો એવો સાર કાહાડે છે કે, એ 'પેહેલવી' લોગટ અસલી ઇરાંનીઓની ભાષાઓને સાધારણ રીતે લગાડવામાં આવતો હતો.

દુપેરોન કેહેછે કે, એ શબ્દ અસલમાં 'પેહેલુ' યાને બાજુ એટલે જે સરહદ આગલનાં પ્રાંતોમાં બોલાતી ભાષા; એ ઉપરથી ઉત્પન્ન થએલો છે.

દસ્તુર પેશુતનજી એ બોલ વિશે એવું કેહેછે કે, پہلوی 'પેહેલવી' ની ઉત્પત્તિ અવસ્તાનાં [Avestan script] 'પેરેથ્વ' શબ્દ ઉપરથી થઈ હોએ હેવું જો આપણે માનીએ તો, વંદીદાદની બીજી પરગરદમાં 'રસ્તા' અથવા 'મારગ' ને માટે [Avestan script] 'પેરેથ્વ' શબ્દ વપરાએલો છે, અને તેમાં વપરાએલા [Avestan script] થ, ને બદલે પેહેલવીમાં કાએદાસર [Pahlavi script] હ, થાએલો છે; માટે એ ઉપરથી જો આપણ 'પેહેલવી' બોલનો અર્થ કરીએ તો તેનો અર્થ "રસ્તા અથવા મારગને લગતું" હેવો થાએછે, અને તેનાં આધાર ઉપરથી زبان; پہلوی પેહેલવી જબાનનો મોરાદી માએનો "રેવાજી અથવા ચાલુ ભાષા" નો થઈ શકે છે.

એબન હઉકલ* નામનો એક ગ્રંથકાર, ઇરાન દેશમાં વપરાતી ભાષાઓ વિશેનું, અરબી ભાષામાં વરણન આપતાં, હમજેઉલએસફહાંની નામનાં કાબેલ ગ્રંથકારનાં પુસ્તક ઉપરથી, પેહેલવી વિશે લખેછે કે:—

"'ફહલવ' યાને 'પહલવ' બોલ 'ફહલહ' ઉપરથી નિકલેલો છે. હમ-
"જેઉલએસફહાની કેહેછે કે, ઇરાનની કદીમ ચાલુ ભાષા પાંચ હતી;
"પેહેલવી, દરી, ફારશી, બોજી અને શરીઆંની; તેમાં પેહેલવી ભાષા
"પાદશાહઓની દરબાર ખાતે બોલાતી હતી અને તે 'ફહલહ' ને લગતી
"હતી; જેને લગતાં એસપેહાંન, રએ, હમદાંન, માહનેહાવંદ અને અજ-
"રબેજાંન નામનાં પાંચ શેહેરો છે."†

એ 'પહલવ' પ્રાંતનું નામ જે હમજહએ એસફહાંનીએ ઉપર જણાવ્યું

* આએ ગૃહસ્થ હીજરી સનની ચોથી સદીમાં ઇરાન મધે થઇ ગયો છે.

† فهلو—بالفتح ثم والسکون ولام يقال فهلہ قال حمزه

છે; તેજ મુજબ પેહેલવી બાસ્તાનનામાં ઉપરથી શાહાનામાંનો બનાવનાર ફીરદોસી તુસીએ પાદશાહ કાઉશનાં હેવાલમાં પણ જણાવ્યું છે

મી૰ જમશેદજી પાહાલણજી કાપડિયા કે જેવણે અવસ્તા, પેહેલવી, ફારશી અને બિજી ભાષાઓનો સારો અભ્યાસ કરયો છે; તેવણ "વિદ્યામિત્ર" નામનાં માહાવારી ચોપાનિયાં મધે કેટલુંક થયું, ઉપલી ભાષાઓ વિશે સારી કાબેલીઅતથી લખાંણો કરયા જાએછે; તે ચોપાનિયાંનાં ત્રિજાં દફતરનાં ચોથા આંકવાલાં ચોપાનિયાંને સફે ૧૨૨ મેની પેહેલી કાલમની શેતર ૨) જીથી 'પેહેલવી' શબ્દ વિશે લખાંણ કરેલું છે તે મધે, મજકુર સફાની શેતર ૨૨) થી, "એ ભાઈ, પેહેલવી શબ્દ વિશે પોતાનું એવી રીતનું મત લખેછે કે:—
"રામાયણ" તથા "મહાભારત" અને "મનુસ્મૃતિ" તથા પાછલા હિંદુઓની
"પોથીઓમાં પણ કેથે કેથે પારશીઓનાં અસલી નીઆએગાનોને તેઓની
"અત્યંત બાહાદુરી તથા જોર (બળ) ને લીધે હમેશ "પહેલવાસ" કરી
"લખવામાં આવેલા છે. અને "અથર્વવેદસંહિતામાં" તો કદીમ બાખત્રીઅ-
"નો ને "બલહીક" તથા તેઓનાં પાએતખ્ત શેહેર બલખને બહલ કરી
"આગલા હિંદુઓ લખી ગયા છે. મોશીસ ખોરીની પોતાની આરમીની-
"આ દેશની તવારીખમાં એ શેહેરને બહલ અથવા બહધ કરી કેહેતા હતા,
"એમ જણાવી જાએછે અને અહિંયાંજ એનાં કહયા પ્રમાણે આરસસીસ
"વંશનાં મૂળ પુરૂષ નામદાર અરસીસનું પાએતખ્ત પણ હતું. અરમાની
"ગ્રંથકારોનાં આવાં લખાણો ઉપરથી ડા૰ મારડતમેન પેહેલવીનો અર્થ
"બાખત્રીઅનોની ભાષા એમ ઊઠાડવા માગેછે. હવે એ (પેહેલવી) વિશે
"જુદા જુદા લખનારાઓનાં વિચારોનો સારીકાની મુકાબલો કરવાથી તથા
"સઘલી બોરદુવાલાઓની તકરારોને પુરતો ઇનસાફ આપ્યા ઉપરથી હું

الاسفهاني كان كلام الفوس قديما يجري علي خمسر السنتر الفهلوية ولدرية ولفارسية ولخوزية ولسوريانية فاما الفهلوية فكان يجريها ملام الملوك في مجلسهم وهي نعتر منسوبة الي فهله و بواهم يقع علي خمسة بلدان اصبهان و الري و همدان و ماه نهاوند و آذربيجان

"મી૦ કુઆતરમેર સાથે એકમળતો થઇ એનો અર્થ પાર્થીઆ દેશની "ભાષા એમ કરવા દુરસ્ત વિચારૂંછું. એ ટોલાંનાં પેહેલવાંની ગુણો "તમામ લોકોમાં મશાહુર હતા, અને પાછળથી તેજ ગુણો સાસાનીઓમાં "પણ પ્રકાશી નિકળ્યા હતા. માટે પેહેલવીનો અર્થ પારથીઆન તથા સાસા- "નીઆન જેવા પેહેલવાંનોનાં દોરની વેળાની ચાલુ ભાષા એમ થાએછે."

હવે, ઉપર જણાવેલા વિદ્વાનોનાં, પેહેલવી શબ્દ વિશે આપેલા વિચારો હમો ધ્યાનમાં લઈ, એ પેહેલવી શબ્દના અર્થ વિશે હમો હમારો નાકેરા વિચાર એવો જણાવીએ છીએ કે, એ શબ્દ વિશે જે વિચારો, ડાકટર સ્પીગલ અને દસ્તુર પેસુતનજીએ જણાવેલા છે તે વિચારોને હમો પણ સ્વીકારી, જણાવીએ છીએ છે કે, પેહેલવી જબાનનો અર્થ 'બોહોલાઇ,' 'વિસ્તાર પામેલું', તથા 'ચાલુ ભાષા'નો થવો જોઇએ છે; કારણ કે પેહેલવીનાં જમાનાં વિશે જણાવતાં, હમોએ જે દાખલાઓ હમારા બોલવાના ટેકામાં લીધા છે, કે જે ઉપર વાંચકોનાં વાંચવામાં આવ્યા છે; તે ઉપરથી જણાએ છે કે, પેહેલવી ભાષા ઘણા પુરાણાં જમાનાંથી, ઇરાન મધે ઘણી ખરી, લોકોનાં રેવાજમાં આવતી હતી.

જેમ, પેહેલવી શબ્દનાં અર્થ તથા તેની રચના વિશે કાબેલ ગૃહસ્થોનાં વિચારો જુદા જુદા છે, તેમજ, [Pahlavi script] 'ઉજવારેશ' શબ્દ વિશે પણ છે. એ [Pahlavi script] 'ઉજવારેશ' શબ્દ વિશે, અને એની રચના કેઈ ભાષા ઉપરથી થઇ છે તે વિશે, નિચલા કાબેલ ગૃહસ્થો પોતાનાં વિચારો એવી રીતે જણાવે છેઃ—ડાકટર વેશતર ગાર્ડ 'હુજવારશ' [Pahlavi script] શબ્દ વિશે પોતાનો એવો અભિપ્રાએ જણાવે છે કે, એ શબ્દ અવસ્તાનાં "હજવારન" યાને જોર (બલીશક્તિ) ઉપરથી ઉત્પન્ન થવો જોઇયે.

પ્રોફેસર જોસફ મુલર એ શબ્દને [Pahlavi script] 'અજવારશ' 'હુઝુરશ' અથવા 'હુજોરશ' કરીનેબી વાંચેછે અને એ શબ્દ અવસ્તાનાં [Avestan script] "હુજોથર"ને મળતો ગણે છે; અને એનો અર્થ 'સારો જોર'નો કરે છે.

ડાકટર સ્પીગલ ઉપલા શબ્દ વિશે કેહેછે કે, જેમ પ્રોફેસર જે. મુલર એ શબ્દને હુજોથર ઉપરથી નિકલેલો કેહેછે, તે વાત બનેલી હોએ કે

નહીં ; તો પણ હુઝ્વારેશ બોલ હુઝ્ઝ્થર શબ્દને મલતો આવેછે એમાં તો શક નથી.

મરહુમ ડાકટર હાઊગે, ડાકટર વેસટરગાર્ડનાં ઊપલા એશારા ઉપરથી સંસ્કૃત શબ્દ 'वरन' યાને 'खन' એવાં મુલમાંથી એનો અર્થ કાહાડવાની કોશેશ કરી છે. અને વળી એજ કાબેલ ગૃહસ્થ એ હુઝ્વારેશ શબ્દ વિશે લખેછે કે, હુઝ્વારેશ બોલનો અર્થ વારેઘડીએ પેહેલવી ભાષાને લાગુ પાડયામાં આવેછે; પણ તેથી સિદ્ધ કરવું ઘણું મુશકેલ છે." એજ કાબેલ ગૃહસ્થે, પોતાનાં રેસાલામાં, ગયાં આઠશો વરશ ઉપર થઈ ગએલા એબનેમકુફા નામના એક અરબ ગ્રંથકારે, તે વખતનાં ઈરાનનાં કાબેલ મોબેદોથી, ز و ا ر ش 'ઝ્વારેશ' બોલ વિશે જે ખુલાસો મેલવ્યો હતો, તે તેની અસલ એબારત અને તરજુમાં સાથે, આપ્યો છે; જેમાં, મજકુર મોબેદોએ જણાવેલો ز و ا ر ش 'ઝ્વારશ' બોલનો અર્થ એ મરહુમ ડાકટરે 'શબ્દોનાં વર્ણની જોડણી' એવો પોતાનાં રેસાલામાં લખ્યો છે, ઉપલા એબનેમકુફાનાં વિચારોને લગતી સઘલી તકરાર ઉપરથી વલી મરહુમ ડાકટર હૉગ લખેછે કે, " હુઝ્વારેશ બોલનો અર્થ કોઈબી ભાષાનો થઈ શકતો નથી." વળી એ મરહુમ ઉસતાદે હુઝ્વારેશ બોલને બિજા વિદ્યાર્થીઓ અવસ્તાનાં [illegible] 'હુઝ્વારેન' શબ્દ ઉપરથી બનેલો વિચારે છે, અને જેનો અર્થ 'સારાં કઉવત'નો થાયછે તે જણાવ્યું છે, અને તેવાર પછે એ મરહુમ કાબેલ ગૃહસ્થે પોતાની તરફથી હુઝ્વારેશ બોલનો અર્થ કરવાની તજવીજ કરી છે, તેમાં તેણે પેહેલવી [illegible] 'હુજ'ને અવસ્તાનાં [illegible] 'ઉજ' ઉપસર્ગ સાથે, તથા 'વારેશ' [illegible] ને [illegible] 'વર' ધાતુ સાથે મેલવીને, તેનો અર્થ 'ખોલ્લું' અથવા 'જાહેર' હેવો કરયો છે.

હમારા કાબેલ ખેશ દસ્તુર હોશંગજી જામાસ્પજીએ સને ૧૮૬૭ નાં સાલમાં મુંબઈની નામદાર સરકારનાં હુકમથી છપાવી પ્રગટ કરેલી જંદ પેહેલવી ગલાસરીનાં દીબાચાને સફે ૩ જેની નોટમાં હુઝ્વારેશ બોલનો અર્થ તથા ખુલાસો નિચે જણાવ્યા પ્રમાણે કર્યો છે.

" આએ (હુજવારેશ) બોલ, જેણે યુરોપખંડનાં વિદ્વાંનોને એક ઘણી

"ગુંચવણમાં નાખ્યા છે, તેહેનો ખુલાસો ઘણી સેહેલાઇથી થઈ શકેછે, એવું
"હું ખાતરીથી વિચારૂંછું. હુજ઼વારેશ બોલ કશી માયા પુંજી ધરાવતો
"નથી, અને કોઇબી ઇરાની કે સેમેટીક ભાષાની મારફતે તેહેનો ખુ-
"લાસો થઈ શકતો નથી; કારણ કે તે માત્રે હુજ઼વાનશનો અશુદ્ધ ઉચ્ચાર
"છે, હુજ઼વાનશ, નો અર્થ 'અશાની જબાન' નો થાએછે, કે જે માત્રે
"એસીરીઆ (દેશ) ની થઈ શકશે; એનો પૂરો આકાર હુજ઼વાન અશર
"કરીને હોવો જોઇએ, પણ પાછળથી તે ટુંકો અને ખરાબ થયો છે.
"આએ સહમજ (મરહુમ) ડાકટર હૉગની મારફતે મ્હને મળી છે, કેમકે
"તેણે દર વખતની મારી સાથની વાતચીતમાં કેટલીએક વેલા આએ
"બાબત ઉપર મારૂં ધ્યાન ખેંચ્યું હતું, કે પેહેલવીને અતલગનો સંબંધ
"બિજી સેમેટીક ભાષાનાં કરતાં 'એસીરીઅન' ભાષાની સાથે વધારે છે.
"હુજ઼વાનશ બોલમાં વપરાએલા [illegible] 'આન,' અક્ષર વિશે (માહારી તરફથી)
"ખુલાસો કરવામાં આવેછે કે પેહેલવી [illegible] 'આન,' હમેશાં 'ફારશી' અથવા
"દરી' ભાષામાં આર, થાએછે; જેમ કે (પેહેલવી) 'મતન'નું 'મેહેર,'
"'આતન'નું 'આદર', 'શતન'નું 'શેહેર,' ઇત્યાદિ: તેમજ 'હુજ઼-
"વાનશ'નું 'હુજ઼વરશ,' થાએલું છે."

એ હુજ઼વારેશ શબ્દ વિશે, દસ્તુર પેસુતનજી બેહેરામજી સનજાંણાએ, ઇસિવી સને ૧૮૭૧ નાં સાલમાં પેહેલવી ભાષાનું વ્યાકરણ છપાવ્યું છે; તેનાં દીબાચાને સફે ૨૬ મેની સેતર ૧૩ મીથી નીચે મુજબ લખે છે કે:—

"પેહેલવી લખાણોની અંદર [illegible], [illegible] અને [illegible] હેવા ત્રણ
"તરેહનાં ઇમિલાઓ વપરાએલા આપણને મલે છે, તેહેને વગર વિચારે જો
"આપણે વાંચીએ તો તેહેમાંનો પેહેલો આકાર હુજ઼વારેશ, બીજો હુજ઼-
"વારશન, અને ત્રીજો હુજ઼વારીને કરી વંચાઈ શકેછે; પણ જો તે માહેનાં
"બીજા તથા ત્રીજા ઇમિલામાં [illegible] હુજ઼વારની પછી વપરાએલા [illegible] તથા
"[illegible], નાં આકારને [illegible] ને બદલે કાંઇએક ફેરવાઇને બનેલા આકારો ગણીએ
"તો તે બનીશકે હેવું છે, અને તે ઉપરથી જો [illegible] અથવા [illegible]
"નાં ઇમિલાને આપણ હુજ઼વેખલદીય, ઇઆને "ખાલદી ભાષા" કરીને
"વાંચીએ તો તે વાંચવું ખરેખરૂં અને વગર શકનું છે."

મજકુર દસતુરનાં ઉપલા વિચારને, મી૦ જમશેદજી પાહાલણજી કાપડિઆએ, વિદ્યામિત્ર નામનાં માહાવારી ચોપાનિઆંનાં પુસ્તક ૩ જાનાં અંક ૪ થાને સફે ૧૨૬ મેની ભિન્ન કાલમની સેતર ૨) જીથી, નિચે લખ્યા પ્રમાણે ઓટો પાડેછે કે:—

"દસતુર પેસુતનજી એ શબ્દને "હુજવેખલદીય" યાને ખીઆલદી "ભાષા કરી વાંચેછે ને તે વિશેના કેટલાએક પુરાવા પોતાનાં પેહેલવી ભાષાના "વ્યાકરણનાં પુસ્તકના દિબાચામાં ટાંકી બતાવે છે; પણ પારથીઆ તથા "ખીઆલદીઆનાં પ્રાંતો એક એકથી ઘણાં દુર આવવાને લીધે ખીઆલ-"દીઅનો સોડેથી પારથીઅનો તેઓની ભાષા અસલમાં કેમ નકલ કરી "જાએ તે વાતની સમજણ આપણને તવારીખ તથા ભૂગોળને અર્થે સેહેલથી "ઉતરી શકતી નથી."

શેઠ ધનજીભાઈ ફરામજી પટેલ એ હુજવારેશ શબ્દ વિશે પોતાનો એવો અભિપ્રાએ આપેછે કે, "જે પેહેલવી ભાષા અવસ્તાનાં અર્થોથી "રચાએલી છે તે પેહેલવીને હુજવરશ યાને વિશેશ પેહેલવી કરી કેહેછે ને "એ ભાષા સાધારણ પેહેલવીથી જુદી છે."

ઉપર જણાવ્યા પ્રમાણે ઉગમણ પ્રાંતનાં વિદ્યાભ્યાસીઓ, ઉજવારેશ શબ્દ વિશે, પોતપોતાનાં વિચારો જુદી જુદી રીતે આપેછે. એ [illegible] ઉજવારેશ તરીકે બોલાતો શબ્દ, કેઈ ભાષાનો છે અને એનો ખરોઅર્થ શું થાએછે તે વિશે હમો હમારો, નબળો આવાજ નીચે મુજબ જણાવીએ છે. [illegible] 'ઉજવારેશ,' [illegible] 'ઉજવારશ્ન,' અને [illegible] 'ઉજવા-રીને, એ શબ્દો માંથ્ર યાને અવસ્તા ભાષા ઉપરથી ઉત્પન્ન થએલા છે. અવસ્તા ભાષાનાં [illegible] 'ઉજ' અને સંસ્કૃત उद् ઉપરથી પેહેલવી ઉપસર્ગ [illegible] 'ઉજ' એટલે 'ચઢતું', 'બોલંદ' 'બોલંદીથી' અને અવસ્તા તથા સંસ્કૃત ભાષાનાં ધાતુ [illegible] वार એટલે 'પાણી છુટવું'—આવવું, 'વરસાદ વરસવો'; એ ઉપરથી પેહેલવી [illegible] 'વારેશ,' [illegible] 'વારશ્ન' કે જેનાં ઉપરથી અરબી [illegible] 'વારસ' અને ગુજરાતી વારસો શબ્દો નીકળેલા લાગે છે, અને જેના અર્થ 'ઉતરતું', 'વરસતું' તથા 'વારેસ' એવા થાએછે. [illegible] 'ઉજ'

ઊપસર્ગ અને [illegible] 'વારેશ' [illegible] 'વારશ્ન' એ બન્ને સંધી થઇને [illegible] 'ઊજ઼વારેશ' અથવા [illegible] 'ઊજ઼વારશ્ન' બોલો નિકળેલા છે; કે જેનો અર્થ 'બોલંદીથી ઊતરતું,' 'બોલંદ—ચઢતો વારેસ' એવો થાએછે. [illegible] 'ઊજ઼વારેશ' એટલે 'બોલંદીથી ઊતરતું', 'ચઢતો વારેસ,' તે કોણનો ચઢતો વારેસ? એ દુર અંદેશીથી આપણે વિચાર કરીએ છે તો બોહોલી રીતિ જણાએ છે કે, 'માંથ્ર' [illegible] યાને અવસ્તા ભાષાનો ચઢતો વારેસ તે [illegible] 'ઊજ઼વારેશ' યાને પેહેલવી ભાષા છે.

હમોએ ઊપર, ગયમરથ્ન વિશેનું ટુંક બયાંન જણાવતાં સાબેત કીધું છે કે, [illegible] 'માંથ્ર' યાને અવસ્તા ભાષા તે ગુજ઼ેરગવારથી ચાલુ થએલી છે. એ ઉપરથી બોહલું જણાએ છે કે, દુનિયાંની સઊથી પેહેલી ભાષા તે [illegible] 'માંથ્ર' યાને અવસ્તા ભાષા છે; અને જ્યારે એમજ છે ત્યારે એ ભાષા ઊપરથી [illegible] 'ઊજ઼વારેશ' યાને ચઢતો વારેસ, એટલે આપણે જેને પેહેલવી કરી કહીએ છે તે ભાષા નિકલી છે. અને એ [illegible] 'ઊજ઼વારેશ' નામ ઊપરથીબી બોહલું જણાએ છે કે, [illegible] 'માંથ્ર' ભાષાનાં જે વારેસો છે, તે મધે સઊથી ચઢતો વારેસ તે [illegible] 'ઊજ઼વારેશ' યાને પેહેલવીજ ભાષા છે.

[illegible] 'જ઼ંદ' એ શબ્દ કેઈ ભાષાનો છે, એ અસલ કેઇ ભાષાને ઓલખાવનારો શબ્દ છે અને હાલે એ શબ્દ કેઈ ભાષાને ઓલખાવવાનાં વપરાસમાં આવેછે તે વિશે હવે હમો હમારી નાકેસ કલમ ચલાવીએ છીએ.

[illegible] 'જ઼ંદ' એ શબ્દ અવસ્તા ભાષા ઉપરથી નિકળેલો છે. એ શબ્દ, છેક પાછલા જમાનાંથી તે હાલે સુધી ઘણોખરો [illegible] 'માંથ્ર' યાને અવસ્તાભાષાને ઓલખાવવાના માહાવરામાં આવ્યો છે; પણ અસલ એ શબ્દની ઉત્પત્તિ, જ્યારથી [illegible] 'માંથ્ર' યાને અવસ્તા ભાષાની નીચે, પેહેલવીનું લખાણ થતું આવ્યું છે; ત્યારથી તેને ઓલખાવવા માટે થઇ છે. અને એ શબ્દનું ઘણું ખરૂં વપરાણ, પેહેલવી ભાષામાં, આએ મુજબનું થએલું છે કેઃ—[illegible] એટલે જે, 'આએ પુસ્તક અવસ્તા અને પેહેલ-

વીનું. એ શબ્દને ફારશી ભાષાની ફરહંગ યાને કોશનાં બનાવનારાઓ પણ, પેહેલવી ભાષા માટેજ વાપરતા આવ્યા છે; જેમકે, بلغت ; زند و پا ; زند એટલે જે, 'પેહેલવી અને પાજંદ શબ્દમાં.'

હવે, એ [illegible] 'જંદ' શબ્દની ઉત્પત્તિ કેહેવી રીતે થઇ છે, તથા એ શબ્દની ઉત્પત્તિ ઉપરથી ઉપલા પેહેલવી ફકરાની માંએની કેહેવી રીતે થાએછે, તે આપણે તપાસીએ. એ [illegible] 'જંદ' શબ્દની ઉત્પત્તિ [illegible] 'માંથ્ર' યાને અવસ્તાનાં [illegible] 'જન' અને સંસ્કૃતનાં ज्ञा ધાતુ ઉપરથી થઇ છે. [illegible] 'જન' એટલે 'જ્ઞાન કરવું,' 'જાણવું,' 'વિચારવું,' 'સહમજવું' અને 'બોધ મેળવવો' એવો અર્થ થાએછે. એ [illegible] 'જન' ધાતુને કરત [illegible] પ્રત્યય લાગી ધાતુનાં ઉપાન્ત્ય 'ન' નો [illegible] અં બની [illegible] 'જંદ' શબ્દ ઉપલેજ અર્થે સિદ્ધ થયો છે. હવે એ ઉપરથી ઉપલા પેહેલવી ફકરાનો અર્થ, જો આપણે નીચે મુજબ કરીએ તો તે કાંઇ વાંધા ભરેલું નહીં કેહેવાશે. [illegible] 'આએ પુસ્તક અવસ્તાઓ જંદનું યાને ઇશ્વરસ્તુતિ જ્ઞાનનું.'

[illegible] 'જંદ' વિશેનાં ઉપલા ખોલાસાથી સિદ્ધ થાએછે કે, એ શબ્દ અવસ્તા જબાનને ઓળખાવવાને બદલે, અવસ્તાની નીચે જે પેહેલવી લખાએલી કેતાબો છે તેને, એ નામે ઓળખવી જોઇએ છે. અને એ શબ્દ અવસ્તાનાં પેહેલવી તરજુમાને ઓળખાવવા માટે, એ તરજુમો બનવાનાં જમાનામાંજ ઉત્પન્ન થયો હશે: કારણકે પેહેલવી જબાનને ઓળખાવવા માટે તો [illegible] 'ઉજવારેશ' શબ્દ અસલ હતો.

સેવટે આએ દિબાચામાં જે જે બાબેદો હમોએ સમાવી છે તેનો એક ટુંક સાર આપણે ફરી તપાસીએ:—

પેહેલવી ભાષાના પુખ્ત અભ્યાસને વાસ્તે એરીઅન અને સેમેટીક ભાષાઓની કેટલીક માહેતગારી મેલવવાની જરૂરેજ છે, કારણ કે, એ પેહેલવી ભાષાની રચનામાં એ ભાષાઓનાં કેટલાક બોલો દાખલ થયા છે. પેહેલવી ભાષાનાં હરૂફોની ઊત્પત્તિ અવસ્તાપરથી થઇ છે, અને એ ભાષાનું વ્યાકરણ ઘણુંજ કઠણ, ગુંચવાડા ભરેલું, અને હાલના જમાનાંની બીજી કોઇબી ભાષાઓ કરતાં ચઢતે દરજ્જેનું છે. એટલું છતાં એ ભાષાનો

અભ્યાસ, આજ કેટલુંક થયું, યુરોપખંડનાં રાજ્યોની મદદ, અને શાસ્ત્રીઓની અથાગ અને એકીમતી મેહેનતનાં પરિણામોથી ઘણોજ મેહેલો થયો છે. પણ હજુ સુધી એ ભાષાનું અસલપણું, તેની ઊત્પત્તિનો વખ્ત, કેઈ ભાષાઓમાંથી એ નિકલી છે, પેહેલવી એ શબ્દનો ખરો અર્થ શું, અને અસલી ઇરાંની ભાષાઓમાં એ ભાષાને કીએ નામે ઓલખતા હતા, એ સઘળું જાણવાને હજુ ઘણે દરજ્જે કંઈ ચોકસ ઠર્યું નથી. એ ભાષાની ઊત્પત્તિ વિશે જુદાં જુદાં મત નીચે પ્રમાણે પડયાં છેઃ—

૧ લું—કે એ ભાષા અવસ્તા ભાષાનાં વખતથીજ ચાલુ છે.

૨ જું—કે એ ભાષા પાદશાહ ગુશ્તાસ્પ, એસ્કંદીઆર, અને અરદેશર બાબેકાનનાં વખતમાં વપરાતી હતી.

૩ જું—કે એ ભાષા સીરીઆ અને ઇરાંન દેશનાં કેટલાક ભાગોમાં ઇ૦સ૦ ૫૦૦ થી ૬૦૦ વરસ પુર્વે બોલાતી હતી.

૪ થું—કે એ ભાષા પાર્થીઅન વંશના વખતમાં રેવાજ પામી છે.

૫ મું—કે એ ભાષા સાસાનીઅનોના વખતમાં ઊત્પન્ન થઇ હતી.

અને ૬ ઠું—કે એ ભાષા દસ્તુરોએ અરબી તથા ફારશી ભાષાઓપરથી ઊભી કીધી છે.

ઊપલાં છએ મતોમાં ત્રીજું, ચોથું અને ૬ ઠું એ ત્રણ મતો મુખ્ય છે. એ ત્રણે મતમાંનાં પેહેલાંને માટે દસ્તુર હોશંગજી, દાકતર હૉગ, અને શેઠ ધનજીભાઇ ફરામજી પટેલ એકસરખી રીતે ધારેછે કે, પેહેલવી ભાષાનું મૂલ એસીરીઅન ભાષાઓ ઉપરથી છે, પણ શેઠ ધનજીભાઈ બિજા બેઊ સાહેબોથી એક બાબદમાં છુટા પડેછે, અને એવું કેહેછે કે, એ ભાષા એસીરીઅન ટોલાંનાં વખતમાં જનમ પામી નથી, તો પણ આટલું તો ચોકસ છે કે, એ ભાષા કેઆંનીટોલાંનાં વખતમાં ચાલુ હતી.

ઉપર કહેલાં ત્રણે મતમાંનું બિજું મત ઊત્પન્ન થવાનો સબબ એ છે કે, કેટલાક પેહેલવી બોલોનો પાર્થીઅન અને ખાલદી ભાષાઓનાં બોલો સાથે કેટલેક દરજ્જે સંબંધ છે. આએ સંબંધ પાર્થીઅન, ખાલદી, અને અસલી ઇરાંની લોકનાં સંબંધને લીધે થયલો છે. એ ઉપરથી એવું ઠરેછે કે, પેહેલવી ભાષા, જો કે, પાર્થીઅન અને ખાલદી ભાષાઓની માતા નથી, તો

પણ પેહેલવી ભાષાથી પાર્થીઅન અને ખાલદી ભાષાઓને મુખ્ય આધાર મલેલો છે.

ત્રીજું મત કે જે એવું છે કે, દસ્તુરોએ પેહેલવી ભાષાને અરબી તથા ફારશી ભાષાઓ ઉપરથી ઊભી કીધી છે, એ મત તો ઘણુંજ ઉધું અને હસી કાહાડવા જેવું છે. એ મત એવા વિચાર ઉપરથી ઊભું કીધું છે કે કેતાબી પેહેલવી ભાષા તખ્તી પરની ભાષાથી જુદી અને પાછલનાં જમાનાંની છે. એટલું તો ચોકશ છે કે, કેતાબી ભાષા અને શિક્કાઓની ભાષા જુદી છે, એવું તો કોઇથી ના કેહેવારો નહીં, કારણ કે જે જમાનામાં શિક્કાઓપરની ભાષાકોતરાઇ તે જમાનામાં ઇરાન દેશનાં દરબારીઓમાં જે પેહેલવી ભાષા વપરાતી હતી; તે આમ લોકોની ભાષાથી જુદી હતી. વળી શુદ્ધ પેહેલવી ભાષા ફક્ત અથોરનાન ટોલામાં અને ધરમગુરૂઓમાંજ વપરાતી હતી, કે જે લોકોએ કેટલીક કેતાબો લખી હતી, અને તે કેતાબો હાલે મોજુદ છે. અને જે પેહેલવી ભાષા ઇરાનનાં પહોડામાં કોતરાએલી છે, તે ભાષા ફક્ત દરબારની ભાષા હતી.

હાલનાં જમાનામાં જે બીલારોકા લેખોની શોધ થઇ છે, તેથી કરીને અવસ્તા ભાષાઓનું પુરાતનપણું બેશક માલમ પડી આવેછે. એજ રીતે ઇરાન દેશમાં જે તખતીઓ, શિક્કાઓ, અને સસનમો મલી આવ્યા છે, તેથી પેહેલવી ભાષાનું પુરાતનપણું પણ માલમ પડેછે. એ ઉપરથી ચોકસ થાયછે કે, એ ભાષા કોઇ ઘણાંજ અસલી જમાનામાં ઊભી થયલી છે, અને જોકે સેંકડો વરશ વિતી ગયાં, તોએ હાલનાં જમાનામાં એ ભાષા હજુ જીવતી છે. સર હેનરી રૉલીનસનનાં કેહેવા પ્રમાણે પેહેલવી ભાષા દીજમાર, સારેસ્તાન, અને ખુરદીસ્તાનમાં આજે બોલાય છે. આએ વાત ખરી છે કે, બીહીસ્તુન પાહાડ ઉપર જે નામીચી તખતીઓ કોતરાએલી છે, તેમાંની ત્રણે ભાષાઓમાં પેહેલવી ભાષા જણાતી નથી, અને એજ રીતે અવસ્તાભાષા પણ નથી, જોકે એ ભાષા પેગમ્બર જરતોસ્તની પોતાની હતી, અને પાદશાહ ગુસ્તાસ્પનાં વખતમાં વપરાતી હતી. બીહીસ્તુન પાહાડ પરની તખ્તીઓ તો, ખરેખરૂં જોતાં ઇરાંનનાં રાજમાં તે વખત ઉપર વપરાતી ભાષાઓમાં કોતરાએલી છે.

સેકંદર પાદશાહનાં વખતમાં પેહેલવી ભાષા ઇરાનમાં ચાલુ હતી, અને

એ બાબદની શાહાદત, હાલની કેતાબોમાં એ નામદાર શાહાનું વૃત્તાંત જે પેહેલવી ભાષામાં લખાયલુ હતું તેની યાદી આવેલી છે, તે છે. નીજામી ગંજનવી અને હાલી જમાનાનાં બિજા ગ્રંથકારો એ ભાષાને 'દરી' ને નામે ઓલખે છે, પણ 'દરી' જબાનને નામે તો ફકત કેઆનીઓના વખતની દરબારી જબાનને ઓલખવામાં આવતી હતી.

આપણે એ ભાષાનું પુરાતમપણું તપાસ્યું, હવે પેહેલવી ભાષા કેઈ કેઈ ભાષાઓપરથી નિકલી છે તે વિશે કેટલાક અભ્યાસીઓ અને ચોકશ કરીને યુરોપીઅન વિદ્યાર્થીઓમાં જુદાં જુદાં મત છે, તે જોઇયે. એનકવેતીલ દુપેરોન કેહેછે કે, એ ભાષા ઝંદપરથી નિકળી છે. પ્રોફેસર વેસ્ટર ગાડ કેહેછે કે, સિરો-એરેબીક પરથી નિકલી છે; પ્રોફેસર ઓલસાસન કેહેછે કે, એરીઅનપરથી નિકલી છે; અને ડાકટર સ્પીગલ કેહે છે કે, સીથીક અને તુરાંની ભાષાઓ ઉપરથી નિકલી છે. હવે હમારૂં નાકિસ મત, જોકે બીજી કોઈ પુખ્ત રીતે ચોકસ થાય નહીં, તોપણ તે કેટલેક દરજ્જે, પારસીઓના ધરમ અને તવારીખ સંબંધી કેતાબો જેવી કે દીનકર્દ, અવસ્તા, અને બિજાં કેટલાંક ધર્મપુસ્તકોનાં આધાર ઉપરથી હમો આપીએ છીએ; અને તે એ કે, પેહેલવી ભાષા ચોકશ કરીને એરીઅન ભાષા ઉપરથી નિકલી છે, જો કે વખત જતે એ ભાષામાં કેટલાંક સેમેટીક તત્વો ભેરાએલાં છે, અને વલી એ પેશદાદીઅન પાદશાહઓનાં વખતથી અને કયાંનીઓનાં વખતની ઘણી આગમજ જન્મ પામી છે.

પેહેલવી બોલનો ચોકશ અર્થ પણ ઉપર પ્રમાણેજ ગુંચવણમાં પડયો છે. એ બોલ ચોકશ ફારશી ભાષાનો છે: કેટલાકો એનો અર્થ 'તરફ' તરીકે કરે છે, અને એ ઉપરથી એવું કેહેછે કે, ઇરાંન દેશમાં અને તેની પડોશનાં દેશોમાં બોલાતી ભાષાનું નામ પેહેલવી હતું. બિજાઓ કેહેછે કે, એનો અર્થ 'બાહાદુર' એવો થાયછે, અને તે ઉપરથી લડાયક અને બહાદુર લોકો (અસલી ઇરાંનીઓ) ની ભાષા એવે નામે ઓલખાતી હતી. વળી બિજાઓ એવું બતાવેછે કે, પેહેલવીનો અર્થ 'દેશ' તરીકેનો થાયછે, અને એ ઉપરથી એવું કેહેછે કે, એ આખા ઇરાંનદેશની ભાષા છે. ડાકટર સ્પીગલનું મત એવું છે કે, એ બોલ અવસ્તા ધાતુ, *ઓરેઝ* ઉપરથી નિકલેલો છે, અને

એનો અર્થ 'ઓહોલું,' 'વિસ્તારવાલું' એવો થાયછે. પ્રોફેસર મેકસ મુલર કેહેછે કે, પેહેલવ એટલે 'સાચું' અને પેહેલવી એટલે 'સહમજણ' એવો અર્થ થાયછે. ડાકટર હૉગનો વિચાર એવો છે કે, એ બોલનો અર્થ ઇરાન દેશની સઘલી ભાષાઓ થાયછે, એનકવેતીલ દુપેરોન કેહેછે કે, એનો અર્થ ઇરાનદેશની સરહદની ભાષાઓ થાયછે, દસ્તુર પેશોતનજી કેહેછે કે, એ બોલ અવસ્તા ધાતુ [illegible] પરથી નિકલ્યો છે અને એનો અર્થ 'ચાલુ' અથવા 'અસલી ભાષા' નો કરેછે. એબન અઉકલ, હમઝે ઇસ્ફહાનીને આધારે, એ બોલનો અર્થ એવો કરેછે કે ઇરાનદેશનો એક પ્રાંત, કે જેમાં ઇસ્ફહાન, રય, હમદાન, મહાનેહાવંદ, અને આઝરબેજાન આવેલાં છે. અને છેલ વેહેલ શેઠ જમશેદજી કાપડિઆ મો૦ કવાતરેમીઅરનાં આધારપરથી કેહેછે કે, પેહેલવી એ પાર્થીઅન અને ખાલદીઅનોની ભાષા છે. હમો ડાકટર સ્પીગલ અને દસ્તુર પેશોતનજીનાં મતને મલતા છીએ કે, પેહેલવી બોલનો અર્થ "વિસ્તાર પામેલી ભાષા" એવો થાયછે, કારણ કે અસલ જમાનામાં એક વખત એવો હતો કે, આખાં ઇરાનદેશમાં એ ભાષા રેવાજ પામેલી હતી.

ખુદ પેહેલવી ભાષામાં એ પેહેલવી શબ્દને 'ઉજ્વારેશ,' 'ઉજ્વારેશને,' 'ઉજ્વારીને' અને 'ઝંદ'ને નામે ઓલખવામાં આવ્યો છે. એ ત્રણ નામોની મતલબ એકસરખીજ છે. ડાકટર સ્પીગલ 'ઉજવારેશ' બોલને અવસ્તાનાં [illegible] સાથે સરખાવે છે, પણ એ વિચારમાં એ ગૃહસ્થ પોતેજ ચોકશ નથી, ડાકટર હૉગ અને પ્રોફેસર વેસ્ટર ગાર્ડ એ બોલને સંસ્કૃત ધાતુ વરન્ ઉપરથી લે છે. એ ગૃહસ્થો એમ પણ વિચારે છે કે, એ ધાતુ પેહેલવી બોલને લગાડવો એ અશુદ્ધ છે. ડાકટર હૉગ એવું વિચારે છે કે પેહેલવીનો અર્થ 'ખુલ્લું' અથવા 'જાહેર' થાય છે, દસ્તુર હોશંગજી એ બોલને 'હુજ-વાનેશ' ની સાથે સરખાવે છે, અને કહે છે કે, 'હુજવારેશ' બોલ હુજવાને-શનો બગડેલો આકાર છે. અને 'અશ' ની અથવા "એસીરીઆની ભાષા" એવો અર્થ કરેછે, અને તેનાં કારણમાં એવું જણાવે છે કે, પેહેલવી ભાષા સેમેટીક ભાષાઓમાંની કોઇબી બિજી ભાષા કરતાં એસીરીઅન સાથે વધારે સંબંધ ધરાવે છે. દસ્તુર પેશોતનજી 'હુજવે ખાલદી' એટલે ખાલદી-

અનોની ભાષા, એ ઉપરથી એ બોલ નિકલ્યો છે, એવું કેહેછે. અને શેઠ ધનજીભાઈ ફ્રામજી પટેલનું મત એવું છે કે, હુજ.વારેશ એ બોલથી અવસ્તાનાં પેહેલવી તરજુમાંને ઓલખવામાં આવતો હતો, અને વલી એવુંબી કેહેછે કે, સાધારણ વપરાતી પેહેલવી ભાષા સાથે એને કશો સંબંધ નથી. હમો એવું ધારીએ છીએ કે, 'ઊજ.વારેશ' એ બોલ અવસ્તા અને સંસ્કૃત ધાંતુ [illegible] અને वहर એ ઉપરથી નિકલ્યો છે, અને વલી અરબી બોલ وارث, અને ગુજરાતી બોલ 'વારસો' સાથે મલતો આવેછે. એનો અર્થ 'અવસ્તાની પછી ઊભી થયલી ભાષા' નો થાયછે.

'ઝંદ' એ અવસ્તા બોલ છે. અસલમાં પેહેલવી ભાષાને એ બોલથી ઓલખતા હતા. અવસ્તા ભાષામાં [illegible] એનો અર્થ 'વિચારવું,' 'શિખવું અથવા 'જાણવું' એવો થાયછે, અને એ ઉપરથી ઝંદ **અવસ્તાનો** મૂલ શબ્દ પ્રમાણે અર્થ "**ઈશ્વરસ્તુતિજ્ઞાન**" એવો થાયછે. 'ઝંદ' એ બોલ અવસ્તાની કેતાબોના પેહેલવી તરજુમાને માટે વપરાતો હતો; અને 'ઉજ.વારેશ' બોલ કે જે સાધારણ રીતે પેહેલવી ભાષાને માટે વપરાએ છે, તે બોલની સાથે એ 'ઝંદ' બોલ સંબંધ રાખેછે.

જા० મો०

માર્ચ ૧૮૭૭ ઈસવી.

પેહેલવી ભાષાનાં મૂળાક્ષરોનો કોઠો.

જોડાતા આકારો.

પેહેલવી.	આગલો.	વચલો.	છેલ્લો.	ગુજરાતી.
સ્વર.				
[illegible]	[illegible]	[illegible]	[illegible]	અ.
[illegible]	[illegible]	[illegible]	[illegible]	આ.
[illegible]	[illegible]	[illegible]	[illegible]	ઇ = [illegible]
[illegible] (૧)	[illegible]	[illegible]	[illegible]	ઈ = [illegible]
[illegible] (૨)	[illegible]	[illegible]	[illegible]	ઉ = [illegible]
[illegible] (૩)	[illegible]	[illegible]	[illegible]	ઊ = [illegible]
[illegible] (૪) [illegible]	[illegible]	[illegible]	[illegible]	એ.

(૧) [illegible] આએ આકાર [illegible] નાં બગડેલા તરીકે આવેછે, જેમ કે, [illegible] 'ગવી.'

(૨) [illegible] આએ આકાર જોડાક્ષરમાંજ વપરાએ છે, જેમ કે, [illegible] 'અહેલુબ.'

(૩) [illegible] આએ આકાર [illegible] નો બગડેલો આવેછે, જેમ કે, [illegible] 'ગુનીહા' જેથે તેને ઠેકાણે [illegible] 'ગુનીહા' બી આવેછે.

(૪) [illegible] આએ આકાર કોઈ કોઈ ઠેકાણે વિશેષનામમાં આવેછે, જેમ કે, [illegible] 'દે'.

જોડાતા આકારો.—

પેહલવી.	આગલો.	વચલો.	છેલ્લો.	ગુજરાતી.
[illegible] (૧) [illegible] (૨) [illegible]	[illegible]	[illegible]	[illegible]	ઓ.
[illegible]	[illegible]	[illegible]		અં
[illegible]		[illegible]	[illegible]	આં.
વ્યંજન.				
[illegible] (૩) [illegible] (૪)	[illegible]	[illegible]	[illegible]	ક.
[illegible]	[illegible]	[illegible]	[illegible]	ખ.
[illegible] (૫)	[illegible]	[illegible]	[illegible]	ખ=[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]	ગ.
[illegible]	[illegible]	[illegible]	[illegible]	ઘ.
[illegible]	[illegible]	[illegible]	[illegible]	ચ.
[illegible]	[illegible]	[illegible]	[illegible]	જ.

(૧) [illegible] આએ આકાર પાછલા જમાનાની લખાએલી કેતાબોમાં મળેછે, જેમ કે [illegible] 'વો'.

(૨) [illegible] આએ આકાર [illegible] નેઠેકાણે બગડાએલા તરીકે આવેછે, જેમ કે, [illegible] 'ગોફ્તં,' [illegible] 'દો'.

(૩) [illegible] આએ આકાર હમેશાં જોડાક્ષર તરીકે જોડાઈને આવેછે, જેમ કે, [illegible] 'ખાકાની.'

(૪) [illegible] આએ આકાર [illegible]નાં બગડેલા આકારમાં આવેછે, જેમ કે, [illegible] 'યક'.

(૫) [illegible] આએ આકાર પાછલા જમાનાંની લખાએલી કેતાબોમાં આવેછે, જેમ કે, [illegible] 'હએ'.

જોડાતા આકારો.

પેહેલવી	આગલો.	વચલો.	છેલ્લો.	ગુજરાતી.
[illegible]	[illegible]	[illegible]	[illegible]	જ = j
[illegible]	[illegible]	[illegible]	[illegible]	ઝ = [illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]	ત.
[illegible] (૧)	[illegible]	[illegible]	[illegible]	થ.
[illegible] (૨) [illegible]	[illegible]	[illegible]	[illegible]	દ.
[illegible] (૩) [illegible] (૪) [illegible] (૫)	[illegible]	[illegible]	[illegible]	ન.
[illegible]	[illegible]	[illegible]	[illegible]	પ.
[illegible]	[illegible]	[illegible]	[illegible]	ફ.
[illegible]	[illegible]	[illegible]	[illegible]	બ.
[illegible]	[illegible]	[illegible]	[illegible]	મ.
[illegible]	[illegible]	[illegible]	[illegible]	ય.
[illegible] (૬)	[illegible]	[illegible]	[illegible]	ર.

(૧) [illegible] આએ આકાર પછવાડેની લખાએલી કેતાબોમાં આવેછે, જેમ કે, [illegible] 'ગબાહથકા'.

(૨) [illegible] આએ અક્ષરો ઉપર કેટલીક વેલા (^) આએ નિશાંની મેલ્યામાં આવેછે, અને કેટલીક વખત નહીંબી મેલ્યામાં આવતી.

(૩) [illegible] એ આકાર પછવાડેની કેતાબોમાં નજર આવેછે, જેમ કે, [illegible] 'એન.'

(૪) [illegible] એ આકાર બગડેલા તરીકે આવેછે, જેમ કે, [illegible] 'અઈબ્યા ગહાનશાની'.

(૫) [illegible] આએ આકાર હમેશાં જોડાક્ષર તરીકેજ આવેછે, જેમ કે, [illegible] "ન"

(૬) [illegible] આએ આકાર ઘણુંખરો જુની કેતાબોમાં આવેછે.

જોડાતા આકારો.

પેહેલવી.	આગલો	વચલો.	છેલ્લો.	ગુજરાતી.
(૧)				લ.
(૨)				વ=
				વ=
				સ.
				શ.
(૩)				હ.

ઉપલા કોઠામાં સર્વ મલીને ૩૫) અક્ષરો છે: તેમાં સ્વર ૧૦) અને વ્યંજન ૨૫) છે.

પેહેલવી ભાષાનાં ૩૫) અક્ષરો છે, પણ તે ફક્ત નિચલા ૭) આકાર ઉપરથી વાંચ્યામાં આવેછે.

૧. = અ, આ, ખ, ખ઼, ય, સ, હ.
૨. = ઇ, ઈ, એ, ગ, જ઼, દ, ખ, શ.
૩. = ઉ, ઊ, ઓ, અં, ન, ર, લ, વ =
૪. = આં.
૫. = ક, ધ.
૬. = ચ, જ, ઝ, પ, ફ, વ =
૭. = ત, થ, (૪) દ.

(૧) કેટલીએક વખત લખાણમાં 'લ' ને ઠેકાણે 'ર' બી આવેછે.

(૨) આએ આકાર પાછલા વખતની કેતાબોમાં આવેછે, જેમ કે, 'ગવ.'

(૩) આએ આકાર પાછલા જમાનાંની લખાએલી કેતાબોમાં મળેછે.

(૪) આએ આકાર અસલ નો બગડેલો લાગેછે.

મૂળાક્ષરો મધેનાં કેટલાક અક્ષરોની શિકલનાં ઉચ્ચારો ઘણી તરેહથી થાયછે, તે આએ નિચે વાંચવાથી વાંચકોને માલુમ પડશે.

◌-◌. આએ હરફની શિકલ ૯ તરેહથી વંચાયછે:—◌ અ, ◌ આ, ◌ ઈ, ◌ એ, ◌ ખ, ◌ ખ઼ = ◌, ◌ ય, ◌ સ, ◌ હ.

◌-◌-◌. આએ હરફની શિકલ ૯ તરેહથી વંચાય છે:—◌ ઈ, ◌ ઈ, ◌ એ, ◌ ગ, ◌ જ, ◌ જ઼ = ◌, ◌ દ, ◌-◌ બ (૧), ◌ ય.

◌. આએ હરફની શિકલ ૯ તરેહથી વંચાય છે:—◌ ઈ, ◌ ઉ, ◌ એ, ◌ ઓ, ◌ અં, ◌ ન, ◌ ર, ◌ લ, ◌ વ.

◌-◌. આએ હરફની શિકલ ૪ તરેહથી વંચાય છે:—◌ ઈ, ◌ એ, ◌ ક, ◌ ઘ = ◌.

◌. આએ હરફની શિકલ ૪ તરેહથી વંચાય છે:—◌ ચ, ◌ જ, ◌ જ઼, ◌ ઝ = ◌.

◌ (૨). આએ હરફની શિકલ ૬ તરેહથી વંચાય છે:—◌ ચ, ◌ ઝ = ◌, ◌ પ, ◌ ફ, ◌ વ = ◌

◌. આએ હરફની શિકલ ૩ તરેહથી વંચાય છે:—◌ ત, ◌ થ, ◌ દ.

◌. આએ હરફની શિકલ ૩ તરેહથી વંચાય છે:—◌ પ, ◌ ફ, ◌ વ = ◌

◌. આએ હરફની શિકલ ૩ તરેહથી વંચાય છે:—◌ ન, ◌ ર, ◌ લ.

◌. આએ હરફની શિકલ ૫ તરેહથી વંચાય છે:—◌ ઈ, ◌ એ, ◌ ઝ = ◌ ◌ ય, ◌ શ.

◌. આએ હરફની શિકલ ૬ તરેહથી વંચાય છે:— ◌ ઈ, ◌ એ, ◌ થ, ◌ ય, ◌ સ, ◌ હ.

હાલે, દરેક હરફની શિકલો કેટલી તરેહ વંચાય છે તે તમોએ ઉપર જોયું, પણ એકેક હરફ ઘણી તરેહથી વંચાવવાને લીધે, એના અભ્યાસીઓને વાંચન તથા અર્થો કરવામાં કેટલી મુશકેલી નડતી હશે. હમો ધારીએ છીએ

(૧) ◌ આએ શિકલ જોડાક્ષરોમાં ◌ 'બ' તરીકે વંચાએ છે.

(૨) ◌ એ શિકલ જોડાક્ષરોમાંજ આવેછે.

કે, એક જાતનાં હરફની ઘણી શિકલો બનવાનું મુલ કારણ તે કેતાબો લખનારાઓની બેદાદી છે, કારણ કે, ઘણું થયું બિજા ગૃહસ્થની ઘણી પુરાંણી એક યા બે ઘણી સંભાળથી લખેલી પેહેલવી ચોપડીઓ હમારા જોવામાં આવી હતી, તે મધેનાં હરફોની વલાણ, જેમ હમણાં એક જાતની શિકલ ઘણીએક તરેહથી વંચાય છે તેમ તે મધે જોવામાં આવતું ન હતું; તે મધે દરેક જાતની શિકલ જુદી જણાતી હતી. દાખલા તરીકે એક હરફની શિકલ બરાબર હમારા ધ્યાનમાં હોવાથી અત્રે હમો ટાંકી દેખાડીએ છીએ. તે ઉપરથી તમોને ખુલાસો જણાશે. [Pahlavi glyph] હાવી જાતની શિકલ હાલે ત્રણ તરેહથી વંચાય છે, "ત," "થ," અને "દ" તેમ તે મધ્યે ન જણાતું હતું: તેમધ્યે [Pahlavi glyph] આએ જાતની શિકલ "ત" તરીકે અને [Pahlavi glyph] હાવી જાતની શિકલ "થ" તરીકે, અને [Pahlavi glyph] હાવી જાતની શિકલ "દ" તરીકે વંચાતી હતી. હાવી રીતનો લખાણમાં ફેર માલુમ પડતો હતો, * પણ તેમ પાછલા જમાનાની કેતાબોમાં જણાતું નથી. તેથી સાબેત થાયછે કે, કેતાબોનાં લખનારાઓની કાચી સહમજ અને બેદરકારીને લીધે, જુદા જુદા આકારોને એકમાંજ લાવી મુકયા છે. એજ મુજબ ઊપલા કોઠાઓમાં જણાવેલી દરેક શિકલ ઘણી તરેહથી વંચાય છે, તે વિશે પણ એમજ સહમજવું.

* કોઇ સાહેબ એવો સવાલ કરશે કે, જેમ એક હરફની શિકલનો ખુલાસો સમજાવ્યો તેમ બિજાઓનોબી કાંઇ નહીં સમજાવ્યો? તો હમો તેઓને નમનતાઇથી જણાવિએ છીએ કે, હાલે તે ચોપડીઓ, કેટલેક સંજોગને લીધે, હમુને મલી નથી આવી, તેથી હમો સમજાવી શકતા નથી; બીજું હરફોની શિકલો હમારા ધ્યાનમાં બરાબર નહીં હોવાને લીધે પણ હમો જણાવી શકયા નથી; પણ જો, આ કોષના બિજાં વાલમો છપાશે ત્યાં સુધીમાં હમુને તે મલી આવશે તો, હમો ખચીત આલમની સેવા બજાવવાને કશી મુકશું નહીં.

અખશરોની જોડણીનાં દાખલાઓ.

	આગલો.	વચલો.	છેલ્લો.
અ, આ.	અસેજ. આસ્માન અસ્પ. આથશ. આશુ-કૃતંન.	ખુ-શાસ્પ. જમા-સ્પ.	અનશુ તા. શકના. ખુદા. પેહ્‌ના. કના.
આ.	આધ આવાજ. આયામ. આયન્દ.	વરાગ નીઆજ અરૂમાએ. ગબાથકા.	હમા. ગોમા રા. ગેરા. બાજા.
ઈ.	ઈહાન. ઈસદવાસ્તર.	રિસ્તે. અઈરાંન. ગિહા. પિશ.	માઈ. શોઈ. અમીરિ. અહુકીન-શનિ.

અખશરોની જોડણીનાં દાખલાઓ.

	આગલો.	વચલો.	છેલ્લો.
[illegible] ઈ.	[illegible] ઈવારે. [illegible] ઈહુદ. [illegible] ઈન.	[illegible] અઈબાર [illegible] યાઈજે. [illegible] શોઈદંન [illegible] દરાઈદંન. [illegible] ખાઈએ [illegible] બરીન. [illegible] વીન. [illegible] ગખુનીહા.	[illegible] બામી. [illegible] ખાવી. [illegible] બરાહી. [illegible] ગુરી. [illegible] દાએતી. [illegible] ગવી. [illegible] તનાઈ.
[illegible] ઉ.	[illegible] ઉસ [illegible] ઉથ. [illegible] ઉલ.	[illegible] પુસ [illegible] ખુસ. [illegible] ખુમ. [illegible] ખુન્દે. [illegible] અહેખુબ.	[illegible] તનુ. [illegible] કનુ.
[illegible] ઊ.	[illegible] ઊધન. [illegible] ઊન.	[illegible] રન. [illegible] ગુનીહા. [illegible] ગલૂઈહા.	[illegible] આનૂ. [illegible] બજાનૂ. [illegible] વહામૂ.

અખશરોની જોડણીનાં દાખલાઓ.

	આગલો.	વચલો.	છેલ્લો.
એ.	એ. એસમ એહેર એશ એબગદ.	અએબિ શાએદ. બેહેર. અએશ. એહેર. નેઆજ. ગબ્નાઆનિવર.	બેહેરે. દદે પાએ. ગબ્નાઆને દે નએ વએ.
ઓ	ઓ-સ્તરદન ઓશે.	જોત ગોશોદવાક. ગોકૂત. તરોમૈતે.	દો. આખો. વો.
અં.	અંદર્ગી. અંગોપા.	નેરંગ. પરવંદ. નંગ.	

અખશરોની જોડણીનાં દાખલાઓ.

	આગળો.	વચલો.	છેલ્લો.
આં.		અહુનાંનવઈરાંન.	આસ્માંન્. પૂસ્તાંન્.
ક.	કામે. કાર.	ખાકાની. એશકારી.	તંનહાક. થક.
ખ.	ખાસ્તે. ખા. ખાર. ખદીતુનતન.	અખેશકારી. આખેજીદન્ અખાંન્ ફરાખી.	વસ્તાખ. ખાખ.
ખ઼.	ખાઈચ. ખાકાની ખીઝીંદન.	હખી. આખતાર સોખ્રે.	સોખ. પેખ.

અખશરોની જોડણીનાં દાખલાઓ.

	આગલો.	વચલો.	છેલ્લો.
ગ.	ગચ્યુ. ગુજીદંન ગંદે.	દદીગર. ચેશ્ગાસ્.	કરહંગ. ગોર્ગ.
ઘ.	ઘન. ઘનશને.	વઘદાંન મારઘન. અ-શોઘની. અઘદીન.	મઘ. ચોઘ. આહરમોઘ
ચ.	ચાઢ. ચપ્ન.	અ-ચરૂનતંન. માં-નશ્ચેહેર.	ગચં. આહેરીચ. ખચાચચ.
જ.	જસ્ત. જીનાક. જજ.	જોજેન. સુજાક. તોજેદ. દજબસુ-નતંન.	જોદાજ. સીજ.

અખશરોની જોડણીનાં દાખલાઓ.

	આગલો.	વચલો.	છેહલો.
જ.	જક્. જ્બજ્બા. જામાત.	તોજી. તજ્રૂ. તરાજુ.	
ઝ.	ઝનૂ.	અવીઝે. દોઝખુને. યોઝદાસ્ર.	તન્દેઝ. દંઝ. ગઝ. અઝ.
ત.	તુંદ. તેઝ,	દાએતી દપીનસ્તાંન,	દોસ્ત. દરખ્ત.
થ.	થનેશન. થેશ. થનુર.	ગાથા. આથ્રુની. યથાહ્વેરીઓ. ગબાથકા.	ગાથ. ઉથ.

અખશરોની જોડણીનાં દાખલાઓ.

	આગલો.	વચલો.	છેલ્લો.
દ.	દોસ્ત. દેહેશને. દસ્ત.	દાદંન. બુન્દે. દુદે.	વાદ. દહીઓપદ.
ન.	નખોસ્ત. નદ. નંગ. ન.	પાદીઆવન્દતર. એન્મન અનાકી. અઈબ્યાગહાનશની.	ગદમન. એન.
પ.	પતકાર.	ગોસ્પંદ. રપીઆ. રપસ્વન.	ગોશતાસ્પ. ખુશીઆસ્પ.

અખશરોની જોડણીનાં દાખલાઓ.

	આગલો.	વચલો.	છેહલો.
ફ.	કરાખી.	આફ્રીન. દરફશ. ફરેફતાર. ખુનએફરેફતે.	ઓફ. કફ.
બ.	બાસ્તાન. બેબખ્ત.	કલબા. એબગદ.	ગરીબ. નમબ.
મ.	મીઆન. મોરૂં.	ગુમાન. જરમાન.	દામ. એસમ.
ય.	યાંન. યોઝદાસ્ત. યવફ. યાઈન્ને.	મયાંન. અયાફ્ત.	સાય.

અખશરોની જોડણીનાં દાખલાઓ.

	આગલો.	વચલો.	છેલ્લો.
ર.	રાદ્. રેચંન્.	અર્જ. શર્મ. કદૅન્. આતરેપાત.	ખાવર. ગવર. અર. આખેર.
લ.	લગરમન. લાલા.	કલખા. અલ્બોર્જ.	હનલ. હમીમાલ.
વ.	વીમ. વજધ.	ગોશ્વાર. ઓવિર.	ગંવ્. ગવ્. સર્વ.
વ. =		ગવર. અવર. વશોવશને.	સેવ્. આસ્રીઆવ્.

અખશરોની જોડણીનાં દાખલાઓ.

	આગલો.	વચલો.	છેલ્લો.
સ.	સેતારે. સેર્દાર્. સોખ્ર. સાતુનતંન. સાજ.	અસ્પ. એસ્મ. અ-હસ્નત	પાસ્. સસ્.
શ.	શર્મં.	હશ્ત. અરશક.	વખ્શ. દરફ્શ.
હ.	હેહર્. સોહર્. હએ.	પેહેલુમ. ખાહન્દ.	ગાહ.

આએ કોષમાં મૂલાક્ષરોની ગોઠવણીની સહમજણ.

આ પેહેલવી કોષ, નિચલી શિકલોથી શુરૂ થતા હરફો પ્રમાણે, અને કોષનાં કાએદા પ્રમાણે પુરો કરવામાં આવશે.

[illegible]

[illegible], &c.

[illegible], &c.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

એજ મુજબ સઘળા વ્યંજનોનાં હરફોની ગોઠવણી પણ સહમજવી.

વાચકોએ હમેશ ધ્યાનમાં રાખવું કે, હમોએ કોષની ગોઠવણી કરવામાં નિચે પ્રમાણેની તદબીર રાખી છે; જેમકે, [illegible] આએ શિકલનાં અ, આ, ઈ, એ, ખ, ય, સ, હ, એટલા ઊચ્ચારો થાએછે; તેમજ [illegible] આએ શિકલનાં; ધ, ઈ, એ, ગ, જ, દ, બ, ય, ઊચ્ચારો થાએછે. એ સઘળા ઊચ્ચાર થતા હરફની શિકલને ગોઠવણીનાં કાએદામાં [illegible] 'અ' તરીકેનીજ અને એને [illegible] 'ધ' તરીકેનીજ શિકલમાં ગણેલી છે. એ શિકલનાં ઊચ્ચાર થતા દરેક હરફને કોષને લગતી ગોઠવણીનાં કાએદા પ્રમાણે ગોઠવવામાં આવ્યા છે. [illegible] જ, [illegible] દ, [illegible] બ, [illegible] સ, [illegible] થ-સ, [illegible] શ-ઝ, એ હરફોની શિકલને ગોઠવણીનાં કાએદામાં [illegible] 'ધ' તરીકેનીજ શિકલમાં લીધેલી છે. તેમજ, [illegible] 'ઉ' આએ શિકલનાં ધ, ઉ, એ, ઓ, અં, ન, ર, લ, વ, એટલા ઊચ્ચારો થાએછે, એ સઘળા ઊચ્ચાર થતા હરફને

કોષની ગોઠવણીમાં ૧ 'ઊ' ની શિકલમાંજ ગોઠવવામાં આવ્યા છે. તેમજ, ૧ 'ક' આએ શિકલનાં ઊચ્ચારો ઇ, એ, ક, ધ, એટલા થાએ છે, એ ઊચ્ચારો થતા હરફોને ગોઠવણીમાં ૧ 'ક' નીજ શિકલમાં ગોઠવવામાં આવ્યા છે. તેમજ વલી, ૯ 'ચ' આએ શિકલનાં ઊચ્ચારો, ચ, જ, જ, ઝ, એટલા થાએછે, એ ઊચ્ચારો થતા હરફોને ગોઠવણીમાં ૯ 'ચ' નીજ શિકલમાં ગોઠવવામાં આવ્યા છે. તેમજ 'શ' આએ શિકલનાં ઊચ્ચારો, ઈ, એ, ઝ, ય, શ, એટલા થાએછે, પણ એ શિકલનાં બોલાતા બિજા ઊચ્ચારોને, ગોઠવણીમાં 'શ' ની શિકલમાંજ ગોઠવવામાં આવ્યા છે. એજ પ્રમાણે બિજી શિકલો વિશે પણ સહમજવું.

વાચકોને એ ગોઠવણીની પુરતી સહમજ પડવા સારૂ, ટુક શિલકોનો નમુના, હમો અત્રે આપીએં છીએ.

(૧) એ શિકલ જ્યાં આવી હોએ ત્યાં 'ઇ' ને 'અ' ની જગોએ ગોઠવવામાં આવી છે, જો કે એનાં ઊચ્ચારો જુદા જુદા થાએછે.

(૨) એ શિકલ જ્યાં આવે ત્યાં 'ઇ' ને 'અ' ને 'ઊ' તરીકે ગોઠવાએલી સહમજવી.

(૩) જો કે આએ શિકલ 'બ' તરીકે વંચાએ છે, પણ ગોઠવણીમાં 'ઈ' ની જગોપર ગોઠવી છે.

[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	(૫) [illegible]	[illegible]	[illegible]
(૧) [illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	(૪) [illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
(૨) [illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
(૩) [illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]

એજપ્રમાંણે સઘલા સવરો તથા વ્યંજનોને લગતા બોલોની ગોઠવણી તથા ઉચ્ચારો સમજવા.

---

(૧) [illegible] એ શિકલ 'ઈ' ને 'અ' તરીકેની સહમજવી.

(૨) [illegible] આએ શિકલ 'ઈ' ને 'ઊ' તરીકેની સહમજવી.

(૩) [illegible] એ શીકલ જ્યાંખી આવી હશે ત્યાં 'ઊ' ની જગાએજ ગોઠવી છે.

(૪) [illegible] એ શિકલ જ્યાંખી આવી હોએ ત્યાં દીર્ઘ 'ઈ' તરીકેજ ગોઠવવામાં આવી છે.

(૫) [illegible] એ શિકલ જ્યાં આવેલી હોએ ત્યાં દીર્ઘ 'ઈ' તરીકેજ ગોઠવવામાં આવી છે.

OPINIONS OF ORIENTAL SCHOLARS.

I append below the opinions of a few learned gentlemen on my work, to whom I had submitted my MSS. for examination and report.

Bombay, 6th April 1875.

Dustoor Jamaspjee Minocherjee has kindly shown me in manuscript some specimens of the Pehlvi Dictionary which for some time he has been engaged in preparing, and which, on his receiving adequate encouragement, he intends to publish. His work appears to me to be of a very commendable character, and likely to prove an important help both to native and European Orientalists, provided he gives (as I believe he intends to do) authorities for his renderings and explanations. He has a good standing in the Parsi community, and is much respected for his urbanity, and knowledge of the Zoroastrian literature, ancient and modern.

JOHN WILSON, D.D.

Bombay, April 20th, 1875.

To

Dustoor JAMASPJEE MINOCHERJEE JAMASP-ASANA.

Dear Sir,—I have carefully examined a manuscript specimen containing 260 words of the Pehlvi Dictionary you propose to publish, and regarding which you have asked my opinion. Having been for some time engaged in assisting Professor Haug and Dustoor Hoshungjee Jamaspjee to publish similar works on a smaller scale, I am well aware of the need for such an extensive dictionary as you are preparing, and of the difficulty of the work.

Dictionaries may be divided into two classes, scientific and popular,—the former for the use of advanced scholars and philologists, the latter for students and the public at large. Your

dictionary is of the latter class, and addresses itself to a larger number of readers, and is likely to be more practically useful, than a more scientific work.

The chief desiderata in a popular dictionary are copiousness and correctness, and your work appears likely to supply these wants in a very satisfactory manner. It contains a much larger number of words than any Pehlvi vocabulary with which I am acquainted, and these are arranged alphabetically according to the forms of the original characters, and not according to their supposed sounds: so that it will be comparatively easy for a student to find a word which he cannot pronounce, which is a matter of great practical convenience.

You give the pronunciation of each word both in Gujarati and Roman characters, and its meaning both in Gujarati and in English; the meaning is very correctly given, so far as I can judge from the specimen before me, but you will have to be careful that your English translator understands the exact meaning of the Pehlvi word, as well as of the Gujarati, otherwise he may use English synonyms that will mislead; it is also not desirable to mingle in the same paragraph totally distinct meanings of the same Pehlvi word.

In many places you have given the etymology of the word; this is useful, but is perhaps better adapted to a more scientific work. References to the books where rare words are to be found would be useful to the advanced scholar, but they are difficult to give in a convenient form, and are also not well suited to a popular dictionary.

You would, however, confer a favour upon European Orientalists if you gave them the full benefit of your special knowledge, as a Parsi high-priest, by explaining in detail all technical terms, names, and ceremonies connected with your religion, under the several words which express them. It would also be useful to your Parsi readers if, in addition to the traditional pronunciation, you were to give them such of the amended pronunciations proposed by European scholars as appear reasonable.

If you are further careful that your work shall contain all the words you can find in the Pehlvi manuscripts to which you have access, you will have accomplished the desideratum of a thoroughly good practical dictionary of Pehlvi, the old language of Persia before the Muhammadan conquest.

For a complete scientific dictionary of the language we must wait till a European Orientalist and a Parsi Dustoor can be found to work together for several years,—neither of them, in my opinion, being competent for the task without the special knowledge of the other.

I remain, dear Sir,

Yours truly,

E. W. WEST, Ph.D.

Dustoor Hall, Poona, 19th April 1875.

Dustoorjee Saheb

JAMASPJEE MINOCHERJEE DUSTOOR JAMASP-ASANA,

Bombay.

My dear Dustoorjee,—I have looked into the MS. of the "Pehlvi Dictionary" you are engaged upon preparing, a portion of which you were good enough to send for my perusal, and I have much pleasure in expressing my satisfaction at it. I believe the whole work, if it is compiled with the same care and attention as seem to have been bestowed upon the portion sent to me, will prove of great merit, and will be a valuable and comprehensive book of reference to Orientalists and philologists in general, and more especially to Pehlvi scholars, native as well as European. There are some places, indeed, where I am unable to agree with you as regards the pronunciations or readings of words which you have adopted, and in this particular there is a remarkable divergence of opinion among scholars. Yet this circumstance will in no way inter-

fere with the general usefulness of your projected work, as you have arranged the words in your lexicon on the principle of alphabetical sequence, irrespective of the phonetic value of the letters beginning the words. Under this plan, whatever pronunciation or reading one might particularly favour, there would be no difficulty in putting one's finger on the exact place where the word sought was to be found. Dr. West has the honour of being the first among European scholars who adopted the system, yet it is evident that yours has been suggested to you quite independently of him, and accordingly deserves credit.

Before concluding, I would take the present opportunity to congratulate you upon the success you have achieved in supplying a long-felt want, by the compilation of a *complete* Pehlvi Dictionary,—a work beset with many obstacles, and requiring considerable pains and learning. I am sure your dictionary will be an important help, and a valuable guide if the authorities for the renderings are set forth throughout. Its publication, I feel certain, will do you great honour among literary circles.

Believe me,

My dear Dustoorjee,

Yours sincerely,

HOSHUNG JAMASP.

Bombay, 10th August 1873.

Dustoor JAMASPJEE MINOCHERJEE JAMASP-ASANA.

Dear Sir,—I have the pleasure to acknowledge the receipt of a specimen of the Pehlvi Dictionary into the English and Gujarati languages. I most sincerely congratulate you on the beginning you have made, to prepare such a magnificent work, which has long been felt as a great desideratum amongst Oriental scholars, and particularly amongst Pehlvi students of

the Zoroastrian community; and I doubt not it will be a very useful work to the public generally as a book of reference, as you have carefully gathered and collected the words from various Pehlvi manuscripts, such as Pehlvi Dinkard, Dadestane-Deni, Sakandgumani, Bundehesh, &c. &c. I think it will be a complete Dictionary of the Pehlvi language, and I have no doubt it will be very useful to the public.

I have perused the specimen with great attention, and I am glad to see that you have adopted the best mode of giving each word, in Roman and Gujarati characters. This will give great facility to the students of the Pehlvi language. The several forms of each Pehlvi word you have transcribed according to their various renderings deserve great credit. It will be a great help to the Pehlvi students.

As to the signification of each Pehlvi word in English and Gujarati in more than four or five ways, I beg to suggest to you, should you mark the grammar of each signification separately so as to allow each word to stand in its grammatical sense, the students will not be confused to use the word in its grammatical term. The English meaning of Gujarati must be very carefully placed, otherwise it will totally destroy the original sense of the word. I also beg to suggest to you that whenever you transcribe the original Pehlvi word into English and Gujarati you will please take into your consideration the strict rules of phonology, because each Pehlvi character has four or five different sounds; therefore particular attention should be paid at the time of their significations, to avoid any misreading of the original word.

I am glad to see that you have already compared several roots of the Pehlvi words with the Aryan family of languages.

With profound respect,

I remain, dear Sir,

Your most obedient servant,

DHUNJEEBHOY FRAMJEE.

Bombay, 11th August 1873.

To

DUSTOOR JAMASPJEE MINOCHERJEE JAMASP-ASANA.

DEAR SIR,—In compliance with your request, conveyed in your note of the 7th instant, I have looked into the manuscript sent therewith, and, as desired, I beg to offer you my opinion thereupon.

The manuscript is a Pehlvi-Gujarati dictionary with English meaning added to the Gujarati ones of each Pehlvi word. I approve of the plan you have adopted, to give all words beginning with a compound character (symbolically) under the same heading, though phonetically one compound character (symbol) may be read in various ways. To a student especially this will be a great help, as he will be able to make an easy reference to a word before knowing how the compound character beginning it has been read.

A Pehlvi dictionary is a desideratum. We have a Pehlvi glossary of words occurring in the work of Aderbad Marespand by Sheriarjee Dadabhoy, but a collection of words occurring in Dinkarad, Dadestan, Nirengstan, Bundehesh, and the Pehlvi Ravaets is sadly wanted. I concur with the remark of the Director of Public Instruction that copious references should be given where the words occur, more especially of rare and doubtful words. As much remains to be done in the way of correct reading of Pehlvi words, owing to the various values attached to some of its alphabets, I perfectly believe that if scholars could have the references ready at their command, much progress can be expected.

With reference to your desire to know my opinion whether your dictionary will be equally useful in its way, even though an European scholar may be publishing one, I humbly beg to think that both will be useful from different points of view.

A scholar like Dr. Haug, who has mastered the Semitic family of languages, can no doubt turn out a far superior Etymological Dictionary than any of our Parsi scholars can pretend

to. But I doubt if he has leisure to make that large collection of words from works like Dinkarad, Dadestan, Nirengstan, &c. &c. which I believe you to be capable of doing. Moreover, the traditional readings of words, though at times not to be relied upon, are yet deserving to be once for all recorded in a printed work like the one you intend to bring out, and which it is obvious you are better qualified to give than any foreigner. Besides, it must not be lost sight of that any dictionary that an European scholar may bring out will not be in Gujarati; and therefore for the benefit of our Parsi priesthood, which I am sorry to acknowledge is in the majority ignorant of English or any European language, a work of the kind in Gujarati will be very useful.

On these considerations, if my opinion can be of any value, I would encourage both Dr. Haug and yourself to prosecute your labours, for they are intended for different classes of readers, and each will be a complement of the other.

I remain,

Dustoor Saheb,

Your most obedient servant,

K. R. CAMA.

BOMBAY CLUB,

Bombay, 17*th October* 1875.

MY DEAR DASTURAN DASTUR,

It is with the greatest pleasure that I have gone through the specimen of your Pahlvi Dictionary, which you have kindly forwarded to me.

It is based on a remarkably extensive reading of the Pahlvi literature, many works having been used the existence even of which have hitherto been unknown to European scholars. Besides that, you have incorporated into your dictionary a great

number of manuscript glossaries, which contain the labours of your predecessors, and are likely to have preserved materials no longer available from other sources.

Your dictionary will therefore be of the greatest value for the study of the religious literature of the Parsees, but its usefulness will not be confined to this more special object; by its completeness it will prove a great help towards the thorough investigation of the historical development of the Persian language, and a fuller comparison of the different Iranian dialects.

At last, I should not forget to mention the explanation of the religious terms contained in your dictionary. It is highly satisfactory that the High Priest of the Parsees of Bombay should himself have undertaken to do this.

Believe me,

My dear Dasturan Dastur,

Yours very sincerely,

(Signed) F. C. ANDREAS, Dr.

To

Dastur Jamaspji Minocherji Jamasp-Asa,

High Priest of the Parsees in Bombay.

પૂર્વ દેશનાં ભાષાશાસ્ત્રીઓનાં મતો.

મુંબઈ તા૰ ૯ મી એપરેલ ૧૮૭૫.

દસ્તુર જામાસ્પજી મીનોચેહેરજીએ, જે પેહેલવી શબ્દકોષ કેટલુંક થયું બનાવવા માંડયો છે, અને જે પુરતું ઉત્તેજન મળશે, એવણ છપાવવા ધારેછે, તેનાં કેટલાક નમુનાઓનાં હસ્તલેખો મને મેહેરબાંનીની રાહે દેખાડયા છે, એવણનો ગ્રંથ મને ઘણો વખાણવા લાયક માલમ પડેછે, અને તે, દેશી અને યુરોપીઅન પૂર્વ દેશોના ભાષાશાસ્ત્રીઓને, જો એવણ જે સમજણ અને તરજુમો કરે તેનો આધાર આપે, (જે હું ધારૂં છું કે એવણ તેમ કરવાને ધારે છે) તો, તેથી અગત્યની મદદ થઈ પડશે. એવણ પારસી કોમમાં મારો દરજ્જો ધરાવે છે. અને એવણ પોતાની સભ્યતા, તથા હાલની અને અસલી જરતોસ્તી ધર્મને લગતી વિદ્યાનાં જ્ઞાનને માટે ઘણી સારી આબરૂ ધરાવે છે.

જૉન વિલસન. દી. દી.

મુંબઈ તા૰ ૨૦ મી એપરેલ ૧૮૭૫.

દસ્તુર જામાસ્પજી મીનોચેહેરજી જામાસ્પ આસાનાં જોગ, પ્યારા સાહેબ—જે પેહેલવી દીક્ષનરી તમો છપાવવા ધારો છો, અને જેને માટે તમોએ મારૂં મત પુછયું છે, તેને લગતા ૨૬૦ બોલીનો એક હસ્તલેખ નમુનો મેં સંભાળથી તપાસ્યો છે. પ્રોફેસર હૉગ અને દસ્તુર હોસંગજી જામાસ્પજીનો એવી જાતનાં નહાની કીસમના ગ્રંથો છપાવવાના કામમાં મદદ કરવા કેટલોક

વખત હું ગુંથાયલો હોવાથી, તમો જે દીક્ષનરી બનાવો છો તેવી એક દીક્ષનરીની ખુટ, અને એવા એક ગ્રંથ બનાવવામાં પડતી અડચણો વિશે હું સારી રીતે જાણીતો થયો છું.

શબ્દકોષો બે વર્ગોમાં વેહેંચી શકાય—એક શાસ્ત્રીય અને બીજો લૌકીક; એમાંનો પેહેલો ચઢતે દરજ્જેના વિદ્યાર્થીઓ, અને ભાષાશાસ્ત્રીઓના ઉપયોગને માટે, અને બીજો શિખનારા અને લોકોને માટે, તમારો શબ્દકોષ પાછલા વર્ગને લગતો છે; અને તે વાંચનારાઓ મધેનાં મોટા ભાગને કામનો છે, અને તેથી તે એક શાસ્ત્રીય ગ્રંથ કરતાં વધારે ઉપયોગી છે.

લૌકીક દીક્ષનરીમાં મુખ્ય ખુટો સંક્ષેપ અને શુદ્ધતાની છે, તે ખુટો પણ તમારો ગ્રંથ ઘણી પુરતી રીતે પુરી પાડતો દીસેછે. હું જે પેહેલવી શબ્દકોષોથી જાણીતો છું, તેમાંના કોઇબી કરતાં એ ગ્રંથમાં બોલોની સંખ્યા ઘણી મોટી છે, અને તેઓને અટકલે થતા ઉચ્ચારો પ્રમાણે નહીં પણ, અસલ હરફોની શિકલ પ્રમાણે મુળાક્ષરોના કાયદાથી ગોઠવવામાં આવ્યા છે, તેથી જે બોલનો ઉચ્ચાર કોઈ અભ્યાસીથી ન થઈશકતો હશે, તેને તે બોલ શોધી કાઢવાને સેહેલ પડશે, કે જે માહવેરાની સગવડનું કામ છે.

તમોએ દરેક બોલનો ઉચ્ચાર ગુજરાતી તથા રોમન હરફે આપેલો છે, અને તેનો અર્થ ગુજરાતી અને ઇંગ્રેજી બેહુ ભાષામાં આપેલો છે. જે નમુનો મને આપવામાં આવ્યો છે તે ઉપરથી હું ધારૂં છું કે તમોએ કીધેલા અર્થ ઘણી શુદ્ધ રીતે આપેલા છે, પણ તમારો ઇંગ્રેજી તરજુમો કરનાર, પેહેલવી બોલો તેમજ તેઓનાં ગુજરાતી અર્થ ચોકસ રીતે સહમજનાર હોય, યા નહીં તો તે બોલનો તરજુમો ખોટી રીતે કરશે તેની સંભાલ રાખવી જોઇયે. એકજ પેહેલવી બોલના સદંતર જુદા અર્થો એકજ ફકરામાં મુકવા એ પણ દરૂસ્ત નથી.

ઘણેક ઠેકાણે તમોએ બોલનાં ધાતુ આપેલા છે; એ ઉપયોગી છે, પણ તે કદાચ શાસ્ત્રીય ગ્રંથને માટે વધારે સારી રીતે યોગ્ય છે. જે પુસ્તકમાં અસાધારણ બોલો મળી આવે તેવા બોલોને માટે પુસ્તકોનો હવાલો આપવો, એ ચઢતે દરજ્જેના વિદ્યાર્થીઓને માટે ઉપયોગી છે, પણ તે ઘટતા આકારમાં

આપવાને ઘણું કઠણ છે; અને વળી એક લૌકીક શબ્દકોષમાં તે દરૂસ્ત દેખાતું નથી. કેટલાક બોલો સાધારણ ઉપયોગને લગતા ન હોય, અથવા જે વિશેષ નામો હોય, અથવા તમારા ધર્મને લગતી ક્રિયાનો બોલ હોય, તેવા બોલોને લંબાણથી સહમજાવીને, પારસીઓના વડા ધર્મગુરૂ તરીકેનો તમારા ખાસ ગ્નાનનો લાભ જો તમો આપશો તો તેથી યુરોપીઅન ભાષાશાસ્ત્રીઓ ઉપર મોટો આભાર કીધેલો ગણાશે. દસ્તુરોથી ઉતરતા આવેલા ઉચ્ચારોની સાથે યુરોપીઅન વિદ્યાર્થીઓએ કીધેલા સુધરેલા ઉચ્ચારો જે વાજબી લાગે, તે પણ આપશો તો, તમારા પારસી વાંચનારાઓને ઉપયોગી થઈ પડશે, જેટલાં હાથના લખેલાં પેહેલવી પુસ્તકો તમો પાસે હોય, તેમાંનાં સઘળા બોલો, તમારા ગ્રંથમાં લેવાને જો સંભાળ રાખશો તો, ખરેખર તમો ઈસલામી લોકની ફતેહની આગમજ વપરાતી ઈરાનની એક જુની ભાષા—પેહેલવીના એક સારા વ્યવહારી શબ્દકોષની ખુટ પુરી પાડશો.

એક યુરોપીઅન પૂર્વ દેશની ભાષાઓનો અભ્યાસી, અને એક પારસી દસ્તુર કેટલાંક વરસો સુધી સાથે બેસીને કામ કરતાં માલમ પડે ત્યાં સુધી એ ભાષાના એક સંપૂર્ણ શાસ્ત્રીય શબ્દકોષને માટે આપણને થોભવું જોઈયે. મારાં મત પ્રમાણે તેઓમાંનો કોઈ એકલો, બીજાના ખાસ ગ્નાનની મદદ વગર એ કામ બજાવવાને અશક્ત છે.

હું છું પ્યારા સાહેબ,

તમારો વાસ્તવિક,

ઈ. ડબલ્યુ. વેસ્ત, ફા૦ દા૦.

દસ્તુર હાલ, પુણા તા. ૧૯મી એપરેલ ૧૮૭૫.

દસ્તુરજી સાહેબ જામાસ્પજી મીનોચેહેરજી

દસ્તુર જામાસ્પ આસાના.

મારા પ્યારા દસ્તુરજી, મુંબઈ.

જે પેહેલવી શબ્દકોષ તમોએ બનાવવા માંડયો છે, તેનો હાથનો લખેલો એક ભાગ, મારા ઉપર તમોએ મેહેરબાંનીની રાહે મોકલ્યો, તે મેં જોયો છે,

